

## ‘દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ’માંથી શ્રી નિહાલચંદ્ર સોગાનીજી દ્વારા સાધર્મીઓને લખાયેલ આધ્યાત્મિક પત્ર

(૨૬)

કલકત્તા
૧૬-૧૨-૬૧

ૐ
**શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ**

**આત્માર્થી... ધર્મસ્નેહ.**

લગભગ ૨૦ દિવસોથી રાગાંશમાં ખિન્નતા વર્તી રહી છે, એવા સમયે આપનો પત્ર મળવાથી પ્રસન્નતા થઈ. ત્યાંથી આવ્યા પછી ૧-૧।। મહિના સુધી સોનગઢની વિશેષ ખુમારી રહી, અત્યારે તો એનો શતાંશ પણ નથી.

વ્યવસાયની સ્થિતિમાં કેટલાયે પ્રકારનાં પરિવર્તન થઈ જવાથી હમણાં નીકળું, હમણાં નીકળું, એમ વિચાર આવવા છતાં પણ ત્યાં આવવાનો પ્રોગ્રામ બની શક્યો નહિ. ‘ગુરુદેવશ્રી’ની આંખના ઑપરેશનની તા. ૨૪ બાબતના સમાચાર ‘સુવર્ણ સંદેશ’માં પણ વાંચ્યા હતા, પરંતુ પુણ્યયોગના અભાવમાં તેમનાં સાક્ષાત્ દર્શન તેમ જ વાણીનો લાભ ક્યાંથી મળે? વ્યવહારથી અને ખાસ કરીને અશુભ યોગથી પૂર્ણ નિવૃત્તિની ચાહના હોવા છતાંયે, ગાર્હસ્થ્ય આદિની વ્યાવસાયિક જંજાળનો એવો ઉદય છે કે મન જ્યાં લાગતું નથી ત્યાં લગાવવું પડે છે, જેની સાથે બોલવાની ઈચ્છા થતી નથી તેની સાથે બોલવું પડે છે; એવી યોગ્યતા છે.

હે ‘ગુરુદેવ’ ! લોકોત્તર લાભ માટે આપનાં વચનો પર શ્રદ્ધા રાખી છે. આશીર્વાદ દેતું આપનું મોહક ચિત્ર નિહાળ્યું છે. આપના આશીર્વાદથી પૂર્ણ આનંદમયી નિધિને પ્રાપ્ત કરી લઉં અને અનંત પદાર્થોના ત્રણે કાળના અનંતા ભાવો વર્તમાન એકેક ભાવથી અવિચ્છિન્ન પ્રત્યક્ષ થતા રહે એવી તીવ્ર અભિલાષા છે. દરિદ્રીને ચક્રવર્તીપણાની કલ્પના હોતી નથી. પામર દશાવાળાને ‘હું ભગવાન છું, હું ભગવાન છું’ એવું રટણ લગાડવું તે, હે પ્રભો ! આપ જેવા અસાધારણ નિમિત્તનું જ કાર્ય છે. પરિણતિ માટે આત્મા જ નિમિત્ત હો અથવા ભગવાન-ભગવાન એવો ગુંજારવ કરતા આપ નિમિત્ત હો, બીજાનો સંગ નહીં - એ જ ભાવના.’

મારો અહીં રહેવાનો અગર બહાર જવાનો પ્રોગ્રામ તો હંમેશાંની માફક અનિશ્ચિત જેવો જ સમજશો.

**અશુભ યોગમાં કંટાળેલો**
**ચેતન**

## કરુણાસાગર ‘પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ’ની ૮૬મી જન્મ જયંતી

મુમુક્ષુજીવોના પરમ તારણહાર ‘પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ’ની આગામી ૮૬મી જન્મ જયંતી માગશર સુદ-૪, તા. ૧૧-૧૨-૧૮ થી માગશર સુદ-૮, તા. ૧૫-૧૨-૧૮ પર્યંત અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે.

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત-૨૫૪૫ : અંક-૨૫૧, વર્ષ-૨૩, ઓક્ટોબર-૨૦૧૮

## અષાઢ સુદ ૧૦, સોમવાર, તા.૨૭-૦૬-૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા-૫૬, પ્રવચન-૧૯

૫૬. **'આત્માનુભવી જ સંસારથી મુક્ત થાય છે.'**

**जे णवि-मण्णहिं जीव फुडु जे णवि जीउ मुणंति।**
**ते जिण-णाहहँ उत्तिया णउ संसार मुचंति।।५६।।**

ભગવાનઆત્મા...! **'જે સ્પષ્ટપણે આત્માને જાણતા નથી...'** સ્પષ્ટ નામ પ્રત્યક્ષ. સમજાણું કાંઈ? **'णवि-मण्णहिं जीव फुडु'** આત્મા વિકલ્પ વિનાનો, મનના સંગ વિનાનો સીધો આત્મા પોતાને જણાય. એમ આત્મા પ્રત્યક્ષપણે કોઈ જાણતું નથી.. સમજાણું કાંઈ? **'અને જે પોતાના આત્માનો અનુભવ કરતા નથી...'** જાણવું અને અનુભવવું બે ભેગા લીધા છે. પ્રત્યક્ષ જાણતો નથી. બે શબ્દ જુદા પાડ્યા છે ને? એક તો પ્રત્યક્ષ જાણતો નથી એમાં વજન એ આપ્યું છે કે, રાગ ને મન વિનાનો આત્મા સીધો જાણવો એનું નામ આત્માનું જાણવું કહેવાય છે. સમજાણું કાંઈ? એમ બે બોલ (કહ્યા) છે.

**'जे णवि-मण्णहिं जीव फुडु जे णवि जीउ मुणंति'** ભગવાનઆત્મા..! અહીં તો એકલા આત્માના જ ગાણાં છે. 'યોગસાર'! ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એના અંદરમાં એકાકાર થાય એ જ યોગસાર છે. બાકી કાંઈ સાર-ફાર નથી. શું કહે છે? જે કોઈ જીવ પોતાના આત્માને **'સ્પષ્ટપણે પોતાના આત્માને જાણતા નથી...'** એક વાત. પરોક્ષથી જાણવું કે આ આત્મા છે, આ આત્મા (છે), એ આત્મા નહિ. ગાથાદીઠ ભાવ ફેરવે છે, હોં! વાત તો એવી ને એવી લાગે પણ ફેરવે છે. ભગવાનાઆત્મા **'स्वानुभूत्या चकासते'**. એક જ્ઞાનની લહેરે જાગતો ભગવાન પોતે પોતાને પ્રત્યક્ષ ન જાણે એને કહે છે કે, એ અમે જ્ઞાન કહેતા નથી. આહાહા..! એમ અહીં કહે છે.

મુમુક્ષુ : એક વિકલ્પથી જાણે અને ...

ઉત્તર : વિકલ્પથી જાણે એ જ્ઞાન જ નથી, એ જ્ઞાન જ નથી. પ્રત્યક્ષ જાણે તેને જ્ઞાન કહેવામાં આવે છે. અહીં એમ સિદ્ધ કરવું છે. વિકલ્પથી જાણ્યું એ જાણ્યું નથી. ભાઈ! બધી વાતું એવી છે.

મુમુક્ષુ : વ્યવહારથી જાણ્યું કહેવાય?

ઉત્તર : ના. એક જ રીત. વ્યવહારથી જાણ્યું એ જાણ્યું છે નહિ. જ્ઞાનનું સીધું જ્ઞાન થયા વિના જાણ્યું એ જ્ઞાન છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ : સીધું એટલે આમ...

ઉત્તર : સીધું એટલે રાગ વિનાનું અંદર પ્રત્યક્ષ જ્ઞાન. શાસ્ત્રનું જ્ઞાન અને એનો ઊઠેલો વિકલ્પ, એનાથી આત્મા (જાણ્યો) એમ નહિ. **'फुडु'** શબ્દ તેથી વાપર્યો.

ભાઈ! આ તો મૂળ માર્ગ છે. ભગવાનઆત્માને અંદર જ્ઞાનથી જ્ઞાનનું પ્રત્યક્ષ સ્વસંવેદન થવું તેને જ્ઞાન

કહે છે, એમ અહીં કહે છે. ભગવાનઆત્મા ચૈતન્યબિંબ પ્રભુ, એનું એને જ્ઞાનથી જ્ઞાન થવું, સીધું સ્વસંવેદન થવું એને આત્માનું જ્ઞાન કહેવામાં આવે છે.

મુમુક્ષુ : સીધું કીધું એટલે વાંકું નહિ.

ઉત્તર : વાંકુ (એટલે) આ રાગથી કર્યું ને વિકલ્પથી કર્યું ને શાસ્ત્રથી કર્યું, એ કાંઈ જ્ઞાન નથી. એ વાંકુ કહેવાય. આહાહા..! અહીં તો નિરાળો પ્રભુ, તદ્દન નિરાળો છે ને! આહાહા..! વસ્તુ તે વસ્તુ પરમાત્મસ્વરૂપ જ પોતે છે. કાલે તો આવ્યું હતું નહિ? પરમાત્મસ્વરૂપમાં સ્થિત આત્મા છે. સ્થિત છે. પરમસ્વરૂપમાં સ્થિત છે.



એ રાગમાં, પુણ્યમાં, અલ્પજ્ઞાનમાં પણ નહિ. આહાહા..! ઓ..હો..! સંતોની કથની માર્ગને સહેલો કરીને આમ જગતને સમજાવ્યો. ભાઈ! તું તો તારી હથેળીમાં-હાથમાં આમ છો ને! પૂર્ણ સત્તા. કહ્યું નહોતું? '**સતતમ્ સુલભં**' આવ્યું હતું કે નહિ? ભગવાન તું તને સુલભ ન હોય તો તારે કઈ ચીજ સુલભ હોય? આહાહા..!

ભાઈ! જ્ઞાનાનંદની જ્યોત છો ને! અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રગટ.. પ્રગટ.. પ્રગટ.. પ્રગટ છે ને! હોવાપણે પ્રગટ છે એને ન હોવાપણે કેમ કહેવું? આહાહા..! એ બધા વ્યવહારથી મુક્ત ભગવાનઆત્મા છે. આ..હા..! જુઓ તો ખરા! એ આવી ગયું છે. સમ્યગ્દૃષ્ટિ વ્યવહારથી મુક્ત છે, એમ એમાં આવી ગયું. સમજાણું કાંઈ? હો ભલે. જેમ પરદ્રવ્ય છે એમ હો ભલે. દયા, દાન, ભક્તિ, પૂજા(ના) ભાવ શુભભાવ હોય છે પણ સમ્યક્ આત્મા જ્ઞાયકમૂર્તિ એનું જેણે સીધું જ્ઞાન કરીને જાણ્યું એ ધર્મી તો વ્યવહારથી મુક્ત છે. આહાહા..! વ્યવહારથી લાભ તો નહિ પણ વ્યવહારથી મુક્ત છે. વ્યવહાર ભેદ, વિકલ્પ, રાગ છે.

ભગવાનઆત્મા અભેદ ચૈતન્યના અનુભવમાં, એની અભેદ દૃષ્ટિમાં ધર્મી વ્યવહારથી મુક્ત છે. સમજાય છે કાંઈ? વ્યવહાર કરવો પડે ને હોવો જોઈએ એમ નથી, એમ કહે છે. હો, પણ કરવો પડે ને હોય તો ઠીક એમ સમ્યગ્દૃષ્ટિના આત્માના જ્ઞાનમાં નથી. એના પછી એ વાત લેશે. અન્ય વ્યવહાર કીધું ને? સમજાણું કાંઈ? અન્ય સર્વ વ્યવહાર. ક્યાં સુધી લઈ ગયા, જુઓને! વસ્તુ જેમ સર્વથી અન્ય એમ અભેદ દૃષ્ટિ જ્યાં થઈ એમાં સર્વ વ્યવહારથી એ ભિન્ન છે. સમજાણું કાંઈ? એ વ્યવહારનું પૂછડું નિશ્ચયને નથી લાગુ પડતું એમ અહીં તો કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

એ પ્રભુ એકલો જ્ઞાનનો સૂર્ય પ્રભુ ભિન્ન (છે), કહે છે કે એને જાણે ત્યારે કહીએ કે જેનું (સ્વરૂપ) પોતાને પ્રત્યક્ષ થાય. જેમાં પરના સહાય, મન, વાણી, રાગ કે પરનું શ્રવણ કરવું, એથી આત્મા જણાય? (કહે છે), ના. ગુરુની વાણીમાં બોધ રહ્યો છે આત્મા? બોધ તો બોધમાં રહ્યો છે, ભગવાનઆત્મામાં રહ્યો છે. એ..ઈ...!

મુમુક્ષુ : જવાબદારી તો તો રહી જાય.

ઉત્તર : એવું આણે ક્યાંક નાખ્યું છે. જોવો ઓલું ક્યાંક આવ્યું હતું. નહિ? ૫૩ તો આજે ચાલ્યું, એના પહેલા ક્યાંક હતું, હોં! એણે નાખ્યું છે. ગુરુના બોધમાં જ્ઞાન નથી, એમ કહે છે. એ તો આવી

ગયું છે. એ ક્યાંક આવ્યું હતું. નહોતું આવ્યું ગુરુ? નિષેધ કરતો, એમ પોતે ક્યાંક લખ્યું હતું. ૫૬ ચાલે છે ને? ક્યાંક છે ખરું, એણે એક ઠેકાણે નાખ્યું હતું. (રેતીમાં) તેલ નથી પણ તલમાં છે. તેમ શાસ્ત્રમાં આત્મા નથી પણ તનમાં છે. જેમ ઝાંઝવામાં જળ નથી પણ સરોવરમાં છે. તેમ ગુરુવચનમાં બોધ નથી પણ હૃદય સરોવરમાં છે. ઈ ૫૨ ગાથામાં છે. ૫૨ ગાથા છે ખરી ને? '**सत्थ पढं जड़ अप्पा**' આ ભાઈ નહિ? 'લાલન'. આ પહેલો ૫૩ બોલ વાંચ્યો ને? એ ૫૨ છે, આમાં જરી ફેર છે. '**सत्थ पढं तह ते वि जड़ अप्पा जेण मुणंति।**' એમાં લખ્યું છે, જુઓ! ગુરુવચનમાં બોધ નથી પણ હૃદય સરોવરમાં છે. બોધ અહીં છે, કહે છે. મેં કીધું, વાંચ્યું હતું ક્યાંક. કહો, સમજાણું કાંઈ? એ ચંદ્રમાં જાગે ત્યાં આત્મ-દરિયો અંદરથી ઊછળે, એમ કહે છે.

કહે છે કે, જેણે આત્માને પ્રત્યક્ષ જાણ્યો તેણે આત્માને જાણ્યો કહેવાય. સમજાણું કાંઈ? '**जे णवि-मण्णहिं जीव फुडु**' તે સંસારથી છૂટે નહિ એમ જિનનાથ કહે છે. શું કહે છે? '**जिण-णाहहँ उत्तिया**' છે ને? જિનનાથ '**એમ જિનેન્દ્રદેવે કહ્યું છે.**' ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગદેવ એમ ફરમાવે છે, જેણે આત્માને પ્રત્યક્ષ જાણ્યો નથી તે સંસારથી છૂટશે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! આમ જ્ઞાનથી જ્ઞાનને જાણી, વેદે. રાગ નહિ, મન નહિ, શરીર નહિ, વાણી નહિ, ગુરુ નહિ, કોઈ નહિ. એણે શાસ્ત્રના ધારેલા ધારણાના ભાવના બોલ એ પણ નહિ. સમજાણું કાંઈ? એવો ભગવાનઆત્મા '**फुडु**' નામ સ્પષ્ટ પોતે પોતાથી જાણે નહિ, પોતે પોતાથી પ્રત્યક્ષ જાણે નહિ '**जिण-णाहहँ उत्तिया णउ संसार मुचंति**' જિનેન્દ્રદેવો કહે છે કે, એ સંસાર મિથ્યાત્વાદિથી મૂકાશે નહિ. સંસાર શબ્દે મિથ્યાત્વ, હોં! એ મિથ્યાત્વથી નહિ મૂકાય. આહાહા..! એમ જિનેન્દ્રદેવ કહે છે. છે કે નહિ? એ.. ભાઈ! આહાહા..!

ભગવાનઆત્મા..! જુઓ તો ખરા, 'યોગસાર'! યોગસાર એટલે પ્રભુઆત્મા નિર્વિકલ્પ સ્વરૂપે, નિર્વિકલ્પ વેદને પોતાને ન જાણે તો કહે છે કે, એ વિકલ્પથી જાણ્યો અને મનથી જાણ્યો, શાસ્ત્રથી જાણ્યો એ જીવ સંસારથી મુક્ત થશે નહિ. આહાહા..! શું પણ વાત! વાત તો એમ જ હોય ને પણ? સમજાણું કાંઈ? એમ '**जिणँ उत्तिया**' અનંત જિનેન્દ્રોની વાણીમાં એમ આવ્યું છે. એણે નાખવું પડ્યું '**जिणँ उत्तिया**'. આચાર્યને નાખવું પડ્યું, ભાઈ! આમ તો વીતરાગદેવ કહે છે, હોં! પરમેશ્વર કેવળજ્ઞાની ત્રણકાળના નાથ, એની વાણીમાં ઇચ્છા વિના ધ્વનિ આવ્યો એ ધ્વનિમાં એમ આવ્યું હતું કે, આત્માને જે પ્રત્યક્ષ... ચોથા ગુણસ્થાનથી, હોં! આહાહા..! રાગરહિત ભગવાનઆત્માને પ્રત્યક્ષ ન જાણે એ સંસારમિથ્યાત્વથી નહિ મૂકાય. સમજાણું કાંઈ? ભાઈ! આહાહા! 'સંસાર' શબ્દે મિથ્યાત્વ એ સંસાર છે, હોં! મિથ્યાત્વ ગયો, સંસાર રહેતો નથી. આહાહા..!

'**જે સ્પષ્ટપણે પોતાના આત્માને નથી જાણતા...**' એક વાત. '**અને જે પોતાના આત્માનો અનુભવ કરતા નથી...**' પછી સ્થિરતાની વિશેષ વાત લીધી છે. પ્રત્યક્ષ જાણીને પછી વારંવાર આત્મામાં અનુભવ કરવો. પ્રત્યક્ષ જાણીને પછી સ્થિર થવું. ભગવાનઆત્મામાં અતીન્દ્રિય આનંદનો વારંવાર સ્પર્શ થવો, અતીન્દ્રિય આનંદનો સ્પર્શ થવો. પ્રત્યક્ષ જ્ઞાન અને પછી અતીન્દ્રિય આનંદનું વિશેષ વેદન, એ જેને નથી, વીતરાગ કહે છે કે, એ સંસારથી મૂકાતા નથી. આહાહા..! ભારે વાત, ભાઈ!

પેલા તો એમ કહે, આ નિશ્ચય.. નિશ્ચય. એકાંત.. એકાંત (કહે છે). સાંભળને, ભગવાન! આ તારું એકાંત સ્વ પામવાનો આ ઉપાય છે. બીજો ઉપાય નથી, ભાઈ! તને લાગે છે કે આ પરોક્ષ જ્ઞાન ને આ પર જ્ઞાન, બહારનો વ્યવહાર આત્માના આનંદના અનુભવ વિના તને કલ્યાણ અને સંવર, નિર્જરા થઈ જાય, એમ છે નહિ. એનું નામ એકાંત મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? સ્વસંવેદનજ્ઞાન વિના

સંવર, નિર્જરા નથી અને તું એમ માન કે એના વિના શાસ્ત્રના ભણતરથી સંવર, નિર્જરા (થાય) એ તારી એકાંત માન્યતા છે. અનુભવ વિના નિર્જરાની ઉગ્રતા નથી અને તું કહે કે, આ અપવાસ-બપવાસ કાંઈક કરીએ અને આ ભગવાનના દર્શનથી નિર્જરા થાય (એ) તારી એકાંત મિથ્યાત્વની માન્યતા છે, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ : આવો મોંઘો ગમે તેટલું ખર્ચે તો પણ ન મળે.

ઉત્તર : ઓલો તો પચીશ ગણો ભાવ ખર્ચે તોપણ મોંઘવારીમાં મળે, કહે છે. પણ આ મોંઘવારી કેવી? ઠીક, કાઢે છે ને? આ તો એવી સોંઘવારી છે કે કોઈની જરૂર ન પડે. એવી આ સોંઘવારી છે. આહાહા..! કહો! ઓલામાં તો પૈસા જોઈએ, લેવા જાવું પડે, ઓલો વળી કંઈ આપે, ન આપે, તે વખતે નવરો ન હોય. આ તો કોઈની જરૂર જ ન પડે. આહાહા..! હેં? આહાહા..! ભગવાનઆત્મા એવો ને એવો પરમાત્મસ્વરૂપે બિરાજે છે. એનું અંતર ધ્યાનએકાગ્ર કરવું એ તારી સમીપમાં છે, કંઈ બહારથી આવે એવું નથી. આહાહા..! ભારે પણ માણસને.. પોતાની જાતને જાણવી એમાં એને મોંઘું લાગે!

'**શ્રી જિનેન્દ્ર ભગવાને દિવ્યવાણીથી એ જ ઉપદેશ આપ્યો છે કે પોતાના આત્માના શ્રદ્ધાન, જ્ઞાન ધ્યાન...**' જુઓ! '**અર્થાત્ નિશ્ચય રત્નત્રય સ્વરૂપ સ્વાત્માનુભવ જ એવો મસાલો છે કે જેના પ્રયોગથી વીતરાગતાની અગ્નિ ઉત્પન્ન થાય છે અને તે કર્મરૂપ ઇંધનને બાળી નાખે છે. આત્મધ્યાન વિના કોઈ કદી કર્મોથી મુક્ત થઈ શકતું નથી.**' પરપદાર્થના ધ્યાનથી કંઈ મુક્ત થાય? આહાહા..! સમજાણું કાંઈ? '**વાસ્તવમાં આત્માનુભવ જ મોક્ષમાર્ગ છે. સમ્યગ્દષ્ટિ બાહ્ય ચારિત્રને, વેશને, આચરણને મોક્ષમાર્ગ જાણતા નથી,...**' કો'ક કો'ક સાર સાર લઈએ છીએ, ન્યાં કાંઈ બધું ક્યાં લેવું? સમજાણું? ભગવાનઆત્મા.. આહાહા..! અરે..! એના ગાણા પણ પ્રીતિએ કરીને કોઈ દિ' સાંભળ્યા નહિ. હેં? અધ્યાત્મની વાત... આવે છે ને? '**तत्प्रतिप्रीतिचित्तेन येन वार्तापि हि श्रुता।**' ભગવાનઆત્મા એકલો અનાકુળ સહજાનંદ સીધો આત્મા પોતાનો સ્વામી. પોતે પોતાને પ્રત્યક્ષ કરવાની તાકાત-શક્તિવાળો. એનામાં એક ગુણ એવો છે. સમજાણું? અનાદિ એક પ્રકાશ નામનો ગુણ છે. એનામાં અનાદિ એવો ગુણ છે કે જે પ્રત્યક્ષ થાય એવો જ એનો ગુણ છે. પરોક્ષ રહે એવો એનામાં ગુણ નથી. એનો ગુણ છે એનાથી મુક્તિ થાય કે એના વિનાની મુક્તિ થાય? આ..હા..! શું કીધું? ૪૭ શક્તિમાં એક બારમી શક્તિ છે. એ શક્તિનો સ્વભાવ, આત્મામાં ગુણ, એનો ગુણ પ્રત્યક્ષ થવું તે (છે). પુણ્ય-પાપ ને રાગથી જાણવું એ એનો ગુણ છે નહિ. આહાહા..! એ ભગવાનઆત્મામાં એવો એક ગુણ પડ્યો છે કે જે સીધો પ્રત્યક્ષ જાણે એવો એનામાં ગુણ છે. હેં?

મુમુક્ષુ : પછી ગાડું આગળ ચાલે.

ઉત્તર : પછી આગળ ચાલે. આ બધા ગળા સુધી ન્યાં ગરી ગયેલા હતા, હોં! એના અગ્રેસરના ઘર કહેવાય ને? ... ઘર. બેય ગામમાં 'કામદાર' અગ્રેસર. બેય ઊંડા ગરી ગયેલા. આ વળી કોણ જાણે ક્યાંથી નીકળી ગયા! હેં? કહો, સમજાણું આમાં? ઓલા કહે, અર..ર..ર...! આ 'કાનજીસ્વામી' ક્યાં જાશે? અમારે 'આણંદજી' કહે, એ તો મુક્તિએ જવાના છે. આટલા આટલા મંદિર કરાવે, આટલા આટલા પાપ કરાવે. ક્યાં જાવું હશે? તમારો કાકો કહે. અમારે 'આણંદજી' છે ને? જવાબ દેવામાં હોંશિયાર છે. ખબર નથી તમને કે મોક્ષ જવાના છે! સાંભળને! બહારના મંદિર થયા ને ફલાણું થયું એમાં આત્માને શું? એ તો થયું. એમાં ક્યાં પાપ હતું? એ તો જરી શુભભાવ હોય છે. એ શુભભાવ હોય છે, એને ભાળતો નથી અને ઓલું પાપ થયું એને ભાળે છે. સમજાણું કાંઈ?

**(અનુસંધાન પાના નં.૧૭ પર...)**



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા
પરમાગમસાર ગ્રંથના
બોલ-૧૬૬ ઉપર થયેલ ભાવવાહી
પ્રવચન, તા. ૩-૨-૧૯૮૩,
પ્રવચન નં. ૬૫૬
(વિષય : ભેદજ્ઞાન)**

**વિકલ્પ ઊઠે છે તેને ધર્મી જાણે છે, વિકલ્પ છે તેને ધર્મી જીવ કરતો તો નથી પણ વિકલ્પ સંબંધી જે જ્ઞાન થયું તેનો કર્તા વિકલ્પ નથી. રાગ આવે છતાં રાગ છે માટે રાગ સંબંધીનું જ્ઞાનીને જ્ઞાન થાય છે તેમ નથી. રાગને ને જ્ઞાનીના જ્ઞાનને જ્ઞેયજ્ઞાયકસંબંધ છે. છતાં રાગ છે તે જ્ઞાનનો કર્તા નથી. ૧૬૬.**

'પરમાગમસાર' પાનું-૪૯. ૧૬૬. 'કળશટીકા' કળશ-૨૧૩ ઉપરના પ્રવચનનો આ બોલ છે. ૨૧૩ કળશ એટલે સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. કળશ છે ને? સર્વવિશુદ્ધ જ્ઞાનઅધિકાર. શું કળશ છે જોઈએ. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારનો છે. ૨૦૫ આસપાસ તો સાંખ્યનો વિષય ચાલ્યો છે. આમ તો કર્તા-કર્મનો મુખ્ય વિષય છે.

**'सवस्तु चैकमिह नान्यवस्तुनो
येन तेन खलु वस्तु वस्तु तत् ।
निश्चयोऽयमपरो परस्य कः
किं करोति हि बहिर्लुठन्नपि।।२१-२१३।।'**

શું કહે છે કે જે વસ્તુ છે તે પોતાની સ્વ વસ્તુરૂપે છે અને અન્ય વસ્તુરૂપે એનું કાંઈપણ નથી. કાંઈપણ નથી. નિશ્ચયથી પરસ્પર એકબીજાને કાંઈ કરતા નથી. એકબીજાની બહાર ને બહાર એ પરિણમે છે, લોટે છે. '**बहिर्लुठन्नपि**' બહાર લોટે છે. પણ એકબીજાને કાંઈ કરતા નથી. કર્તા-કર્મનો વિષય મુખ્ય છે. એટલે જ્ઞાનની જે શુદ્ધતા છે એટલે કે જ્ઞાનનો જે સ્વભાવ છે-શુદ્ધજ્ઞાન જેને કહીએ, એ શુદ્ધજ્ઞાન એના સ્વભાવસ્વરૂપે જોવા જતાં માત્ર જ્ઞાનસ્વરૂપે છે અને કોઈનું કાંઈ કરતું નથી. કોઈનું કાંઈ કરતું નથી, કાંઈ એને કોઈ કરતું નથી. કોઈ એને પણ કાંઈ કરતું નથી.

જ્ઞાનમાં જ્ઞેયો પ્રતિબિંબિત થાય ત્યારે પણ જ્ઞેયો જ્ઞાનને કાંઈ કરતા નથી. જ્ઞાનની બહાર એ લોટે છે. પણ જ્ઞાનને જ્ઞેયો કાંઈ કરતા નથી. એમ એ શુદ્ધજ્ઞાન માત્ર જાણવારૂપે એના સ્વભાવમાં રહે છે એમ શુદ્ધજ્ઞાનને જાણવું જોઈએ, ઓળખવું જોઈએ અને એ માત્ર જાણવા સિવાય બીજું કાંઈ કરતું નથી એવું એનું સ્વરૂપ છે.

હવે પ્રવચનમાં 'ગુરુદેવે' વિષય લીધો છે કે ધર્મીજીવને '**જે વિકલ્પ ઊઠે છે તેને ધર્મી જાણે છે.**' ક્યાંથી વાત ઉપાડી છે? કે મોક્ષમાર્ગની વાત લીધી છે. મોક્ષમાર્ગમાં જે જીવ આવેલો છે. મોક્ષ તરફ પ્રયાણ કરી રહ્યો છે તેથી એને માર્ગમાં છે એમ કહેવાય છે. સમયે સમયે અનન્યભાવે મોક્ષમાર્ગ પ્રત્યે જેની પરિણામની ગતિ છે એવા જીવને મોક્ષમાર્ગી અથવા ધર્મી કહેવામાં આવે છે.

આ વાત શુદ્ધજ્ઞાનનું સ્વરૂપ સમજાવા માટે 'ગુરુદેવશ્રી'એ અહીંયાં ધર્મીજીવની વાત લીધી છે. કે ધર્મીજીવને વિકલ્પ ઊઠે છે. એની અવસ્થામાં રાગનો

વિકલ્પ ઊઠે છે. મુખ્યપણે શુભરાગ હોવાથી અશુભ ધર્મીજીવનું ઘટી ગયું હોવાથી દૃષ્ટાંતમાં રાગમાં-વિકલ્પમાં કોઈપણ શુભરાગનો વિકલ્પ ઊઠ્યો એમ સમજીને વાતને ચોખ્ખી કરવી છે. કે એની અવસ્થામાં '**જે વિકલ્પ ઊઠે છે તેને ધર્મી જાણે છે,...**' એ વિકલ્પનું જ્ઞાન ધર્મીને થાય છે. એટલે કે ધર્મીના જ્ઞાનમાં વિકલ્પ છે એનું પ્રતિબિંબ પડે છે કે પૂજા કરું. પછી પૂજા કરવાનો જે વિકલ્પ છે એનું એને જ્ઞાન થયું. પૂજા કરું, મંદિર જાઉં, ભગવાનના દર્શન કરું. એક દાખલો લઈએ. ધર્મી જીવ છે ને? તો ભગવાનના દર્શન કરવાનો એના રાગ-વિકલ્પ થયો એ જે વિકલ્પ થયો એ જ્ઞાનમાં એનું પ્રતિબિંબ પડ્યું. તો વિકલ્પ એને જણાયો. જાણે છે એટલે કે એને વિકલ્પ જણાયો. નજીક હોવાથી, એની જ અવસ્થામાં થતો ભાવ હોવાથી તે વિકલ્પરૂપ સક્રિયભાવ એના જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે.

જેમ જીભ ઉપર કોઈપણ સ્વાદવાળો પદાર્થ આવતા એનો સ્વાદ જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે. કેમકે એને જીહ્વા ઈન્દ્રિયનો સંનિકર્ષ થયો. દૂર હોય તો એનો સ્વાદ ન જણાય. એમ અહીંયાં એની અવસ્થાનો વિકલ્પ છે, જીવની જ અવસ્થાનો, ધર્મી જીવની અવસ્થાનો વિકલ્પ છે એટલે એને ન જણાય એ પ્રશ્ન નથી. કેમકે એ સંનિકર્ષ છે એનો. અત્યંત નજીકપણું છે એને. સંનિકર્ષ છે એટલે અત્યંત નજીકપણું છે એને ત્યારે એને એ જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે કે આવો વિકલ્પ થયો.

'**જે વિકલ્પ ઊઠે છે તેને ધર્મી જાણે છે, વિકલ્પ છે તેને ધર્મી જીવ કરતો તો નથી.**' શું કહે છે કે ધર્મી કે જેણે 'હું જ્ઞાનમાત્ર છું' એમ પોતાનું અહંપણું પોતામાં સ્થાપ્યું છે. એટલે નિજમાં નિજબુદ્ધિ કરી છે એવો જ્ઞાનમાં સ્થિત એવો ધર્મી જોડે રહેલા વિકલ્પને, જોડે ઉત્પન્ન થયેલા વિકલ્પને જાણે છે પણ કરતો નથી એમ કહે છે. એટલે કે એના જ્ઞાનમાં એ પ્રતિબિંબિત થાય છે કે આ થયો. એમ પ્રતિબિંબિત થાય છે કે થયો પણ મેં કર્યો એમ અનુભવ થતો નથી.

અહીંયાં શું કહેવે છે? કે જણાય છે કે આ થયું. જેમ ખ્યાલ આવે કે બાજુમાં આ ભાઈ બેઠા છે... બાજુમાં આ ભાઈ બેઠા છે... બાજુમાં આ ભાઈ બેઠા છે. એમ જણાયું એનો અર્થ એમ નથી કે મેં એને બેસાડ્યા છે. એ એની મેળે આવીને બેસેલા છે. સ્વયં એ આવ્યા છે અને સ્વયં બેઠા છે. પણ જણાયું એટલે મેં બેસાડ્યા એ વાત કાંઈ વ્યાજબી છે? એમ જે વિકલ્પ ઉત્પન્ન થયો તે વિકલ્પ સ્વયં ઉત્પન્ન થયો છે. મેં કર્યો છે એવો અનુભવ જ્ઞાનીને થતો નથી એમ કહેવું છે.

કેમ નથી થતો? કે હું માત્ર જાણું છું. અને જે માત્ર જાણવાનો મારો સ્વભાવ છે તે સ્વભાવ દ્વારા અથવા તેવા સ્વભાવરૂપ જ્ઞાન દ્વારા વિકલ્પનું કરવું અશક્ય છે. વિકલ્પને કરવું એ જ્ઞાન દ્વારા અશક્ય છે. જ્ઞાન વિકલ્પને કરી શકતું નથી. વિકલ્પ જણાય છે એનામાં ત્યારે એને જાણે છે એમ કહેવામાં આવે છે. પ્રતિબિંબ પડે છે ત્યારે જાણે છે એમ કહેવામાં આવે છે. પણ કરી શકતું નથી.

મુમુક્ષુ :- વિકલ્પને કોણ કરે છે?

પૂજ્ય ભાઈશ્રી :- વિકલ્પને વિકલ્પ કરે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પણ જો વિકલ્પને કરે તો વિકલ્પ અને જ્ઞાન એક થાય. જો વિકલ્પને કરે તો વિકલ્પ અને જ્ઞાન બે એક થાય. કર્તા-કર્મ અભેદપણે રહે છે. જ્ઞાન જ્ઞાનને પણ કરે અને જ્ઞાન વિકલ્પને પણ કરે એમ બે કઈ રીતે બને? કેવી રીતે? જ્ઞાન જ્ઞાનને કરે છે કે નહિ? જ્ઞાનનું ઉત્થાન થાય એમાં જ્ઞાન જ્ઞાનને કરે છે. તો જ્ઞાન જ્ઞાનને પણ કરે અને જ્ઞાન વિકલ્પને પણ કરે એમ કેમ બને? તો જ્ઞાન અને વિકલ્પ બંને એક થઈ જાય. મિથ્યાદૃષ્ટિ જીવને પણ એનું જ્ઞાન વિકલ્પને કરતું નથી. પણ એને એવો ભ્રમભાવ છે, મિથ્યા આભાસ છે કે હું વિકલ્પને કરું છું.

એટલે પહેલા કર્તા-કર્મ અધિકારમાં એમ લીધું છે કે, જો ભાઈ! જેમ જ્ઞાનક્રિયા થતી માલૂમ પડે છે તેમ ક્રોધાદિ ક્રિયા થતી માલૂમ પડતી નથી. જેમ ક્રોધાદિ ક્રિયા થતી માલૂમ પડે છે તેમ જ જ્ઞાનની ક્રિયા થતી માલૂમ પડતી નથી. એટલે શું કહેવું છે? કે બંને ક્રિયા પોતપોતાને કરે છે. જ્ઞાન જ્ઞાનની ક્રિયાને કરે છે, ક્રોધ ક્રોધાદિની ક્રિયાને કરે છે. એક.

તારી હસ્તી, તારી હયાતી, તારું અસ્તિત્વ જ્ઞાનમાં છે અને ક્રોધાદિમાં નથી. કેમકે એ છૂટી જનારા ભાવ છે. જે ક્રોધ આવ્યો એ મટી ગયો તો તું મટી ગયો? કે તું હયાત રહી ગયો. પણ જ્ઞાન તો સતત હયાત રહે છે. વળી અનુભવથી જોતાં હું.. હું... હું... હુંપણું જ્ઞાનમાં અનુભવાશે. કેમકે એ એનો સ્વભાવસિદ્ધ એનું સ્વરૂપ અસ્તિત્વ છે એમાં તેથી એમાં જ હુંપણું અનુભવાશે. હુંપણાને અનુભવવા જતાં ક્રોધાદિમાં હુંપણું અનુભવાશે નહિ. આ એક માલૂમ પડવા વિષે તારી હયાતી તને માલૂમ પડશે એમ કહેવું છે. તારી હસ્તી તને માલદ્દમ પડશે જ્ઞાનમાં, તારી હસ્તી તને ક્રોધાદિમાં માલૂમ નહિ પડે. કેમકે એ છૂટી જતા તું રહી જા છો. તારી હસ્તી રહી જાય છે. એ છૂટી જતાં તારો નાશ થાય છે, ક્રોધાદિ છૂટી જતાં તારો નાશ થાય છે એમ બનતું નથી. એ અનુભવસિદ્ધ છે.

એટલે જ્ઞાન છે, શુદ્ધ જ્ઞાન છે અથવા જ્ઞાન છે એ વિકલ્પને કરતું નથી. પણ વિકલ્પને કરતું નથી એવો કોણ અનુભવ કરે છે? કે જે જ્ઞાનમાં પોતાના અસ્તિત્વને વેદે છે તે. અથવા પોતે પોતાને જ્ઞાનમયપણે વેદે છે એને પોતાનું અસ્તિત્વ, પોતાની હયાતી જ્ઞાનમયપણે અનુભવી એવા ધર્મીજીવને. એમ લેવું છે. રાગ, વિકલ્પ છે એ હું કરું છું એમ અનુભવમાં આવતું નથી. જોડે થતો જણાય છે. જ્ઞાનની બાજુનો એક ભાવ છે કે જે થાય છે, જાય છે, થાય છે... જાય છે... થાય છે. જેમ રસ્તાની એક બાજુ ફૂટપાથ ઊભેલો માણસ ટ્રાફિકને જોવે છે કે બેય બાજુથી વાહનો આવે છે ને જાય છે... આવે છે ને જાય છે. એ જોનારને શું છે? જોનાર જો વાહનમાં તણાતો હોય તો કઈ બાજુ તણાય? બેય બાજુથી આવે છે. એ તો અશક્ય છે. એ બનતું નથી.

એમ વિકલ્પ છે તેને ધર્મી જીવ કરતો તો નથી. એ તો પ્રશ્ન જ નથી એમ કે કે એને એ કરે. '**પણ વિકલ્પ સંબંધી જે જ્ઞાન થયું તેનો કર્તા વિકલ્પ નથી.**' ક્યાંથી બેનું કનેક્શન છૂટી ગયેલું છે એમ કહે છે. કર્તા-કર્મનો સંબંધ ક્યાંથી મૂળમાંથી કપાય ગયેલો છે? કે જે વિકલ્પ સંબંધીનું જ્ઞાન થયું કે આવો વિકલ્પ થયો એ વિકલ્પ પણ જ્ઞાનનો કર્તા નથી. કેમ કે જ્ઞાનમાં એમ થયું ને કે આવો વિકલ્પ થયો. તો એવું જે જ્ઞાન થયું, આવો વિકલ્પ થયો એવું જે જ્ઞાન થયું એ જ્ઞાને જ જ્ઞાનને કર્યું છે. વિકલ્પે એવા જ્ઞાનને નથી કર્યું. ભલે તે જ્ઞાન વિકલ્પાકાર થયું હોય. જ્ઞેય અહીંયાં વિકલ્પ છે. અને જ્ઞાન-જ્ઞેયમાં જ્ઞેયાકાર જ્ઞાન આકાર થાય છે, જ્ઞેયાકાર જેવો જ્ઞાન આકાર થાય છે. આ કેસરી રંગ છે તો કેસરી અહીં જ્ઞાનમાં જણાય છે. જ્ઞેયાકાર જેવો જ્ઞાનાકાર થાય છે. અક્ષર કાળા છે તો અહીંયાં કાળુ જણાય છે. કાગળ સફેદ છે તો અહીંયાં સફેદ જણાય છે. તોપણ જ્ઞેય જ્ઞાનને કાંઈ કરતું નથી. એમ લેવું છે.

મુમુક્ષુ :- .. થાય છે ને ..

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાન જ્ઞાનપણે રહે છે એમ જ્યાં જાણે ત્યાં તટસ્થપણું રહ્યું. પણ જ્ઞાનમાં એવો ભ્રમભાવ થાય કે આ મેં કર્યું, આ રાગની ક્રિયા મેં કરી ત્યાં જ્ઞાન તટસ્થ ન રહ્યું. ત્યાં જ્ઞાન રાગના પક્ષમાં આવી ગયો. જે રાગ થયો, જે રાગને એણે જાણ્યો એના પક્ષમાં જ્ઞાન ઢળી ગયું. ત્યાં જ્ઞાન તટસ્થ ન રહ્યું. એમ.

પક્ષાંતિક્રાંતનો જે વિષય આવે છે ને? એમાં એ જ લેવું છે કે અનાદિ મિથ્યાદષ્ટિને શુદ્ધનયનો પક્ષ છે એ પણ એને ત્યાં રોકે છે. શુદ્ધનયનો પક્ષ એટલે શું? કે શુદ્ધનય સંબંધિત જે રાગ થાય છે કે હું આત્મા આવો, નિશ્ચય શુદ્ધાત્મા હું જ્ઞાનસ્વરૂપ, હું આનંદસ્વરૂપ, હું પરિપૂર્ણ એવો જે રાગ, રાગ તે પક્ષ. એનો જે રાગ ઉત્પન્ન થયો તે પક્ષ થયો. એ પક્ષમાં છે ત્યાં સુધી એ નિર્વિકલ્પ સ્વાનુભૂતિમાં આવતો નથી. એમ લેવું છે. કેમકે ત્યાં રાગને મેં કર્યો, આવો રાગ મેં કર્યો, હું આવો રાગ કરનારો છું એ વાત ચાલુ રહી છે. રાગની સાથે એનું એકત્વ ચાલુ રહ્યું છે. રાગનું કર્તાકર્મપણું ચાલુ રહ્યું છે. ત્યાં સુધી એને ભગવાનના દર્શન થતા નથી. આમ છે. ભલે ત્યાં માળા જપે છે, ભગવાનનો જાપ જપે છે પણ હજી રાગમાં હુંપણે ઊભો છે. એકત્વ થાય છે એટલે શું થાય છે કે એવા રાગાંશમાં પણ હુંપણે ઊભો છે ત્યાં સુધી ભગવાન એમ કહે છે કે તું વિરોધ પક્ષમાં ઊભો છો. ભલે તું નામ મારું લે છે એ ઠીક છે પણ

એથી સંબંધ નથી. મારે તો એક જ વાત છે કે તારો પક્ષ છૂટી જવો જોઈએ. રાગના પક્ષમાં છે. આમ વાત છે. એમ તટસ્થ છે એ પક્ષકાર નથી, પક્ષકાર છે તે તટસ્થ નથી.

**'પણ વિકલ્પ સંબંધી જે જ્ઞાન થયું તેનો કર્તા વિકલ્પ નથી.'** વિકલ્પાકાર વિકલ્પ સંબંધી જ્ઞાન થયું એટલે વિકલ્પાકાર જ્ઞાન થયું તે જ્ઞાનનો કર્તા તે જ્ઞાન છે અને વિકલ્પ નથી. સદૃશ્ય ભાવે હોવા છતાં ખરેખર તે જ્ઞેય જ્ઞાનનો કર્તા નથી. તો પછી જ્ઞાન જ્ઞેયને કરે છે, વિકલ્પને કરે છે એ પ્રશ્ન રહેતો નથી.

**'રાગ આવે છતાં રાગ છે માટે રાગ સંબંધીનું જ્ઞાનીને જ્ઞાન થાય છે તેમ નથી.'** રાગ જ્યારે ઉત્પન્ન થાય છે ત્યારે તે રાગ છે માટે તે રાગ સંબંધીનું અહીંયાં જ્ઞાન છે. ભલે રાગના જેવું જ્ઞાન છે કે આવો રાગ થયો એવું જ્ઞાન થયું, તો પણ રાગ છે તેથી તે જ્ઞાન છે એમ નથી. જ્ઞાનની હસ્તી બિલકુલ સ્વતંત્ર છે. જોડે જ્ઞેય રાગરૂપ હો, દ્વેષરૂપ હો, ક્રોધરૂપ હો, અન્ય પદાર્થરૂપ હો તો પણ તેને લઈને અહીંયાં તેવું જ્ઞાન છે, કે જ્ઞાન છે કે તેવું જ્ઞાન છે એવું નથી. જ્ઞાન છે એ પણ પોતાના સ્વતંત્રતાને લઈને એની હસ્તી છે અને તેવા જ્ઞેયાકારે જ્ઞાન છે એમાં પણ તે જ્ઞાનની જ સ્વતંત્રતા છે. નહિ કે જ્ઞેયનું કોઈ એની અંદર કાર્ય-કારણ છે. આમ છે.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. બિલકુલ (નહિ). સાંભળવામાં, સાંભળવા સંબંધી જ્ઞાન થવામાં સાંભળવાનો જે રાગ થયો એ રાગની કોઈ મદદ નથી એમ કહેવું છે. કેમકે જ્ઞાનમાં જાણવાની શક્તિ પોતાના કારણે છે. પોતાના ઉપાદાન શક્તિના કારણે એ જાણે છે. રાગ પહેલો થયો માટે જાણ્યું છે એમ હરગીઝ નથી

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ઠીક છે. અહીંયાં આવવાનું થયું, સાંભળવાનો રાગ થયો, સાંભળ્યું. પણ એ વખતે જે જ્ઞાન કામ કરે છે એ એ વખતની પૂરી પોતાની સ્વતંત્ર શક્તિથી કામ કરે છે. પહેલાની આ બધી પર્યાયો થઈ માટે અહીંયા આ જ્ઞાન થયું, એને કારણે જ્ઞાન થયું અથવા એણે જ્ઞાન થવામાં મદદ કરી એવું બિલકુલ જ્ઞાન પાંગળું નથી.

મુમુક્ષુ :- એમ લઈએ તો શું ભૂલ થાય?

પૂજ્ય ભાઈશ્રી :- એમ લઈએ તો પોતાની શક્તિનો અનાદર થાય છે. પોતાની જ્ઞાનશક્તિનો નિષેધ થાય છે એ દોષ આવે છે. પોતાની સ્વતંત્રતા હણાય છે. કોણ પોતાની સ્વતંત્રતા હણાવા માટે તૈયાર થાય? એમ કહે છે.

મુમુક્ષુ :- આ વાત તો 'ગુરુદેવશ્રી' બહુ બોલે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હું તમને એમ કહું કે તમે મારી બરાબર છો. મારા જેટલા જ તમે, જેવડા જ તમે. જરાય તમે મારાથી નીચા નહિ. એક ફક્ત હું કહું એટલું તમારે કરવાનું. તો તમે એમ કહેશો કે ઓલી વાત તમે સાચી નથી કરી. ઓલી વાત જ ખોટી કરી. તમે મારા બરાબર એ વાત ખોટી કરી છે. જો તમે કહો એમ જ મારે કરવાનું હોય તો મારે તમારી બરાબરી રહી ક્યાં? તો તમે કહેનારા અને હું તમારો સાંભળનારો એમ થઈ ગયું. પરતંત્ર થઈ ગયો. બિલકુલ એ વાત નથી.

ખરેખર તો જ્ઞાન અગ્ર છે. રાગ અગ્ર નથી. સર્વ કાળે જ્ઞાન છે. જ્યારે અહીંયાં આવવાનો રાગ થયો ત્યારે પણ જ્ઞાન હતું, જ્યારે સાંભળ્યું ત્યારે પણ જ્ઞાન હતું. જ્ઞાન કોઈ કાળે નથી એમ નથી. જ્ઞાન પહેલા છે અને પછી એમાં જ્ઞેય જણાય છે. એટલે પોતે પહેલા છે અને પછી જ્ઞેય એમાં પ્રતિબિંબ થાય છે. છે બેય સમકાળે. છતાં હયાતીપણે, હસ્તીપણે અગ્ર રહેવાનો એનો સ્વભાવ છે. એક કાળે હોવા છતાં અગ્ર રહેવાનો-એનો મુખ્ય રહેવાનો એનો સ્વભાવ છે. એમ જે મુખ્ય રહેવાનો એનો સ્વભાવ છે એની મુખ્યતાને સ્વીકારે છે તે જ્ઞાનની અધિકાઈને સ્વીકારે છે, તે આત્માની અધિકાઈને સ્વીકારે છે. જે જ્ઞાનની અને આત્માની અધિકાઈને સ્વીકારે તે રાગમાં લપેટાય નહિ, જ્ઞેયમાં લપેટાય નહિ. આ એનું વિજ્ઞાન છે. 'જીતી ઈન્દ્રિય જ્ઞાનસ્વભાવે અધિક જાણે આત્મને'

માણસ એમ કહે છે કે આ દુનિયાની અંદર એક બહુ પ્રસિદ્ધ આ વાત છે સર્વ સંપ્રદાયોમાં કે ઈન્દ્રિયોને જીતવી બહુ મુશ્કેલ છે. ઈન્દ્રિયોને જીતવી એ બહુ મુશ્કેલ

છે. એમ પ્રસિદ્ધપણે લોકમાં કહેવાય છે. અહીંયાં જૈનદર્શનમાં કહે છે કે જો આત્માની અધિકતા કરે. અને તે કઈ રીતે? કે જ્ઞાનસ્વભાવથી કરે. ત્યાં જ્ઞાનસ્વભાવ વાત લીધી છે. જ્ઞાનસ્વભાવ દ્વારા જો આત્માની મુખ્યતા થાય, અધિકાઈ થાય તો સહજપણે ઇન્દ્રિયોનું જીતવું થાય છે એમાં કોઈ મુશ્કેલ વાત નથી. એમાં કોઈ મુશ્કેલ વાત નથી. અને એ જૈનદર્શનના સંતોએ એ વાતને પ્રસિદ્ધ કરી છે. નગ્ન દિગંબર અવસ્થામાં રહીને, કોઈપણ પ્રકારના આશરા વગર રહીને, મકાન કે કોઈપણ પ્રકારના કપડા આદિનો આશ્રય નહિ રાખીને એમણે પોતાના સ્વરૂપને જાહેર કર્યું છે કે જ્ઞાનસ્વભાવને મુખ્ય કરતાં આ જગતના કોઈ ઉલ્કાપાત અમને વિચલિત કરી શકતા નથી.

એક કીડી ફરતી હોય ત્યાં ધ્યાન ફરી જાય. કરડે ત્યારે તો ધ્યાન ફરે એમાં કાંઈ નવાઈ નથી પણ ફરતી હોય ક્યાંક શરીરના કોઈ અંગ ઉપર જરાક સળવળાટ થાય ત્યાં ઉપયોગ ફરે છે. વિચાર કરો કે શ્રેણિક મહારાજાએ મરેલો સર્પ જે મુનિ ઉપર નાખ્યો અને જંગલી કીડી, કીડા જેવી કીડી હોય, મોટા લાલ કીડા થાય, હજારો અસંખ્ય કીડા થઈને રોમે રોમે ચટકા ભરે અને જે ધ્યાનમાં ડૂબકી મારે, ઉપયોગ ન ફરે એ ઉપયોગની તાકાત કેટલી? એવી શક્તિનું અહીંયાં ભાન કરાવવું છે. સ્વતંત્રતા બતાવીને સ્વતંત્રતાની કેળવણી કરાવવી છે. પરતંત્ર થઈ ગયો છે એને સ્વતંત્રતાની કેળવણી કરાવવી છે કે જો તારી શક્તિ.

મુમુક્ષુ :- જ્ઞાનવેદન અને બહાર જે કીડી ચટકા ભરે છે એનું જ્ઞાન...

પૂજ્ય ભાઈશ્રી :- એનું જ્ઞાન થાય છે. પણ જ્ઞાન થતાં જે જ્ઞાનમાં ડૂબકી મારે છે. જ્ઞેયબાજુ ઢળતા નથી. એનું જ્ઞાન જ્ઞેય બાજુ ઢળતું નથી. એના જ્ઞાનમાં એવો અનુભવ થાય છે કે આ જણાય છે. જ્ઞાનને ચટકો ભરી શકાતો નથી. બહુ વિષય સુંદર છે કે આ જ્ઞાનનો પિંડ છે આખો, એ પિંડને કોઈ ચટકો જ્ઞાનને ભરી શકતો નથી. એવો મને અનુભવ થાય છે કે મને ચટકો ભરી શકાતો નથી. બહારને બહાર લોટે છે. અસંખ્ય કીડાઓ છે. ચટકા ભરે છે દેહને એ સંબંધીનું જે વેદન છે એ જણાય છે. પણ વેદનની સત્તામાં જ્ઞાન નથી અને જ્ઞાનની સત્તામાં વેદન નથી. એનો અનુભવ થાય છે.

મુમુક્ષુ :- જ્ઞાનીને દુઃખનું વેદન નથી થતું, પણ જ્ઞાનનું વેદન થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનનું જ વેદન થાય છે અને એ વેદન એવું ઉગ્ર અને એકાકાર થાય છે કે ઓલું જણાવું એકવાર ઉપયોગથી બંધ થઈ જાય છે એવો ઉપયોગ લીન થાય છે એનો. જ્યારે એ જ્ઞાનવેદનમાં વધારે એકાગ્ર થાય છે, જ્ઞાનવેદન તો થાય છે પણ એમાં કોન્સ્નટ્રેશન ઊભું થાય છે ત્યારે ઉપયોગ છૂટી જાય છે. ઉપયોગ છૂટી જાય છે એટલે એને એ વખતે કાંઈ બીજું જણાતું નથી. એકાકાર જ્ઞાનનો આનંદનો ઊભરો છે એ આનંદના ઊભરામાં તરબોળ થઈ જાય છે. બસ, પતી ગયું. એને તો જાણે કાંઈ છે નહિ.

વળી જ્યાં બહાર આવ્યા, સાધકદશા છે, ત્યાં જણાય છે. જણાય છે એટલે એમાં તો જ્ઞાન જણાય છે. એટલે વળી પાછો એનો ઊભરો ઊભો થાય છે. જેવા જ્ઞેયો જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય, પુરુષાર્થ મંદ થતા વિકલ્પ આવે અને વિકલ્પ આવે ત્યાં એને એ બધું સંયોગનું, વિકલ્પનું જ્ઞાન થાય એમાં મુખ્યપણે જ્ઞાનનો અનુભવ થતો હોવાથી વળી એ જ્ઞાનના કોન્સનટ્રેશનમાં આવી જાય અને વળી પાછો ઉપયોગ એકાકાર થઈ જાય છે. આમ એની દશામાં વારંવાર મુનિદશામાં શુદ્ધોપયોગની અનુભૂતિ છે એ થયા જ કરે છે.. થયા જ કરે છે. કુદરતી એવી એક દશાની કેળવણી થઈ ગઈ છે કે એના માટે એને વિકલ્પ કરવો પડતો નથી. પણ એ પ્રક્રિયા સહજ ભજ્યા કરે છે. એટલે એને કોઈપણ ઉપસર્ગ પરિષહ છે એમાં જરા પણ આ ઠીક નથી એ પ્રકાર આવતો જ નથી. જણાય છે ખરું પણ આ ઠીક નથી કે આ ઠીક છે એ પ્રકાર આવતો નથી. એટલી સ્થિતિ...

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ નિશ્ચય. નિશ્ચય શું શબ્દ છે? નિશ્ચય વિષે સ્થિત. નિશ્ચય વિષે સ્થિત. નિશ્ચય એટલે નિશ્ચય સ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ વિષે સ્થિત. નિશ્ચય

વિષે સ્થિત સાધુઓ. નિશ્ચય વિષે સ્થિત એટલે નિશ્ચયસ્વરૂપ વિષે સ્થિત. સ્વભાવ વિષે સ્થિત. સ્થિત નામ ત્યાં શુદ્ધોપયોગ થઈ ગયો. એને જીતેન્દ્રિય કહેવામાં આવે છે. એટલે કે ઇન્દ્રિયના વિષયો તરફ જેઓ નમતા નથી અને એ હાર ખાઈને નાશ પામે છે. હાર ખાઈને નાશ પામે. એટલે એને જીતેન્દ્રિય કહેવામાં આવ્યા છે.

અહીં તો બહુ સુંદર વિષય છે. ક્યાંથી એ કેળવણી થઈ? એવી સાધુ દશાની, સંત દશાની કેળવણી ક્યાંથી થઈ? આ સવાલ છે. એ કેળવણી સમ્યગ્દર્શન થયું ત્યારથી જે રાગ થતો હતો એ રાગ પણ આ જ્ઞાનને કરતો નથી, જ્ઞાન સ્વયં થાય છે એવા અનુભવમાં વધતા... વધતા... વધતા... વધતા... એ મુનિદશા આવી છે. એમ કહેવું છે. એ અનુભવમાં વધતા વધતા એ મુનિદશા આવી છે. અસ્થિરતાને તોડતા ગયા.

ઇષ્ટ-અનિષ્ટપણું સમ્યગ્દષ્ટિને ચોથા ગુણસ્થાને ચારિત્રમોહ પૂરતું થાય છે. એ પણ એને જ્ઞાનમાં એનો નિષેધ આવે છે એટલે એ પણ ટળતું... ટળતું... ટળતું... એ મુનિદશાને પ્રાપ્ત કરે છે ત્યારે એને કોઈ જ્ઞેયો પ્રત્યે (ઇષ્ટ અનિષ્ટપણું થતું નથી).

જો એનું એકાગ્રપણું આવે છે. વારંવાર એકાગ્રપણું આવે છે, એકાગ્રપણું જો આગળ વધી ગયું, એમાંથી ચ્યુતિ ન થઈ તો અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન લઈ લે. પરિપૂર્ણ દશા થઈ જાય છે. અને જ્યાં કેવળજ્ઞાન થયું (ત્યાં) દેહના પરમાણુ ફરી જાય છે.

મુનિ હોય. મુનિ સ્નાન તો કરતા નથી. શરીર ઉપર પસીનો થાય છે, રજ લાગે છે. એ તો આ ખુલ્લા અંગ છે એમાં ફેર પડે છે કે નહિ? કે હાથ પગ છે ત્યાં રજ લાગે છે. આપણે ધોઈએ છીએ. ઢંકાયેલા અંગ છે એ એટલા મલિન થતા નથી પણ છતાં પસીનાદિ મેલથી થાય છે. તો એવું મલિન શરીર થઈ ગયું હોય, ગંદુ શરીર દેખાતું હોય. કેમકે વર્ષોથી એ સ્નાનાદિ નથી કર્યા. વળી કોઈ આશરો નથી, કપડા નથી. જ્યાં કેવળજ્ઞાન થાય ત્યાં પરમાણુ પરમઔદારિક થાય. તેજ-તેજનો અંબાર જોઈ લ્યો. દિવ્ય શરીર થઈ જાય છે. જાણે આત્મા પરમાણુમાં ઘૂસી ગયો. શુદ્ધાત્મા જ્યાં થયો, પરિપૂર્ણ શુદ્ધાત્મ થયો ત્યાં પરમાણુમાં ઘૂસી ગયો આત્મા એવું થાય છે.

મુમુક્ષુ :- ઉપસર્ગ પરિષહ પણ નાશ થઈને...

પૂજ્ય ભાઈશ્રી :- ખલાસ થઈ જાય. જમીનથી ઊંચે પાંચસો ધનુષ એમની સ્થિતિ આકાશમાં થઈ જાય છે. પછી આકાશની સ્થિતિએ થઈ જાય છે. નીચે એક કમળની રચના થઈ જાય છે. કમળથી પણ અદ્ધર અડ્યા વિના એમનું આસન હોય છે. ખડગાસન હોય, પદ્માસન હોય. બેમાંથી જે કોઈ અવસ્થા ધ્યાનની હોય. અને શરીર જુઓ તો જેમ આ ટ્યૂબલાઈટમાં કોઈ જગ્યાએ અંધારાનો કણ નથી દેખાતો. એમ તેજ તેજનો અંબાર આખું શરીર એકદમ તેજસ્વી, પરમ ઔદારિક થઈ જાય છે. બધા પરમાણુઓ એક સમયમાં પલટો મારે છે. અહીંયાં કેવળજ્ઞાન થયું એ જ સમયમાં બધા પરમાણુ પણ પલટો મારી જાય છે. અવસ્થાંતર થઈ જાય છે. એટલો તો અહીંયાં પુદ્ગલમાં ફેરફાર થઈ જાય છે.

મુમુક્ષુ :- મનુષ્ય શરીરમાં...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો સિદ્ધ થાય ત્યારે.

મુમુક્ષુ :- ના, આ તો પરમાણુની દૃષ્ટિએ, પરમાણુની દૃષ્ટિએ શરીરનો સંબંધ રહે છે?

પૂજ્ય ભાઈશ્રી :- અરિહંતને તો છે ને? અરિહંત સદેહ અવસ્થા છે. કેવળજ્ઞાન થયું ત્યારે અરિહંત દશા થઈને? ત્યારે હજી મન-વચન-કાયાનો યોગ છે. ત્રિયોગ છે હજી. પણ એની સાથે એમને કોઈ જાતનું જોડાણ નથી. આ શરીર ફરી ગયું તો સારું એ પ્રકાર ત્યાં હવે રહ્યો નથી. કેમકે આ શરીર ગંદુ થયું હતું તે સારું નહોતું એ પ્રકાર નહોતો તેથી. તેથી એમ કહ્યું. કેમકે સુગંધ અને દુર્ગંધનું ઇષ્ટ-અનિષ્ટપણું, પરમાણુની મલિનતા અને પવિત્રતા એનું ઇષ્ટ-અનિષ્ટપણું એ નીચેથી ટાળ્યું છે. પહેલેથી ટાળ્યું છે. એવી વીતરાગ દશા વધીને પૂર્ણ કેવળજ્ઞાન વીતરાગ દશા થઈ ગઈ. અને એનું મૂળ અહીંયાં સમ્યગ્દર્શનથી ઊભું થાય છે. એની કેળવણી છે એ સમ્યગ્દર્શનથી ચાલુ થાય છે.

**'રાગ આવે છતાં રાગ છે માટે રાગ સંબંધીનું જ્ઞાનીને જ્ઞાન થાય છે તેમ નથી.'** રાગ આવે છતાં

રાગ છે, રાગની હયાતી છે માટે અહીંયાં એ સંબંધીના જ્ઞાનની હયાતી છે કે જ્ઞાનનું થવું છે. હયાતી પણ એને લઈને નહિ અને થવું પણ એને લઈને નહિ. એમ છે. એકદમ સ્વતંત્ર શક્તિ છે, સ્વતંત્ર અસ્તિત્વ છે. એની સ્વતંત્રતાનો અનુભવ કરવા જતા રાગાદિની પરતંત્રતા છૂટી જાય છે. આમ છે.

ભાઈનો હાથ કપાયો ત્યારે એમના સંબંધીઓ બધા ખબર કાઢવા આવતા હતા. કહ્યું, આ જે હાથ કપાણો અને વેદના થઈ એને કોણ છોડાવે? એ વેદનાથી કોણ મુક્ત કરાવે? ઈંજેક્શન કામ કરતા નહોતા, ડોક્ટર કામ કરતો નહોતો. અહીંયાં નોટુના પાટા બાંધીએ તો કાંઈ પીડા મટે નહિ, હિરા-ઝવેરાત અહીંયાં લટકાડી દઈએ તો કાંઈ એનો હરખ આવીને પીડા મડા નહિ. અને આ તમારા જેવા હજારો સંબંધીઓ શાતા પૂછે એટલે અહીંયાં પીડા ઘટે એમ પણ નહિ. કોઈ બહારનું સાધન એની વેદના ઘટાડવા માટે બેકાર છે અત્યારે. તો આ તમારા બધાય કરતા કિંમતી એવી જે એક ચીજ છે કે જે જ્ઞાન દ્વારા એ પીડાથી ભિન્ન અનુભવ થાય છે એ જ્ઞાનની કિંમત કેટલી! એ સર્વોપરી ચીજ છે. એનું કોઈ મૂલ્ય થઈ શકે એવું નથી.

આ જગતમાં ચાર ગતિના જન્મ મરણના દુઃખ, અશાતાના દુઃખ અને અનેક પ્રકારની પ્રતિકૂળતાના ભયના દુઃખ જ્ઞાન સિવાય કોઈ રીતે મટે એવું નથી. એનો એક જ ઉપાય છે કે જો એ શુદ્ધ જ્ઞાને જાણે, અનુભવે અને એમાં સ્થિર રહે તો જ એને એની પોતાની સ્વતંત્રતાનો, સ્વતંત્ર શક્તિનો આનંદ સહિત અનુભવ થાય અને દુઃખની ગંધ રહે નહિ. અનુભવ થાય એમાં વિશેષતા આ છે કે પોતાની જ્ઞાનશક્તિનો, જ્ઞાનસ્વરૂપનો અનુભવ કરતાં આનંદ સહિત અનુભવ થાય છે. એ વિશેષતા છે એની. એ એનું સ્વરૂપ છે. ત્યારે એને દુઃખ અને ભય કાંઈ રહેતા નથી.

**'રાગને અને જ્ઞાનીના જ્ઞાનને જ્ઞેયજ્ઞાયકસંબંધ છે.'** રાગ છે એ જ્ઞેય છે અને જ્ઞાનીનું જ્ઞાન છે તે તેનું જ્ઞાયક છે. એટલો જ્ઞેયજ્ઞાયકમાત્ર સંબંધ છે. **'છતાં રાગ છે તે જ્ઞાનનો કર્તા નથી.'** રાગ હરગીઝપણે જ્ઞાનને કરે છે એવું તો બિલકુલ નથી. આ રાગ થયો તેથી જ્ઞાન થયું, સાંભળવાની ઈચ્છારૂપ રાગ થયો તેથી જ્ઞાન થયું એમ બિલકુલ નથી. શબ્દ ઉત્પન્ન થયો માટે સંભળાયો, શબ્દ ઉત્પન્ન થયો તેથી શબ્દ સંબંધીનું જ્ઞાન થયું એમ હરગીઝ નથી. જ્ઞાન જ્ઞાનને લઈને થઈ રહ્યું છે.

એમ કહે છે કે જરાક તપાસ. તું જ્ઞાનસ્વરૂપ છો એમ તને કહીએ છીએ અને તું જરા અંદર તારા જ્ઞાનસ્વરૂપને સંભાળ, તપાસ તો તને અમારી વાતની પ્રતીતિ થશે, ખાત્રી થશે કે ખરેખર આ જ્ઞાન સ્વયં પોતાની શક્તિથી થઈ જ રહ્યું છે. એના થવાપણાને રોકવા આ જગતમાં કોઈ સમર્થ નથી. જ્ઞાનની હયાતીને મિટાવવા કોઈ સમર્થ નથી, જ્ઞાનની જ્ઞાન પર્યાયપણે ઉત્પત્તિને મિટાવવા રોકવા પણ આ જગતમાં કોઈ સમર્થ નથી. એવું જે જ્ઞાનનું અવ્યાબાધપણું છે, જેને કોઈ બાધા કરી શકે નહિ એવું જે અવ્યાબાધ એનું સ્વરૂપ છે એ સ્વરૂપને તું અનુભવ તો તને કોઈ તકલીફ નથી, કોઈ દુઃખ નથી, કોઈ બાધા નથી, કોઈ ભય નથી. ક્યાંય કોઈ તને આંચ આવે એવું નથી. આ પરિસ્થિતિ છે. અને એ જ જન્મ મરણથી અને સર્વ પ્રકારના દુઃખોથી છૂટવાો આ એક જ ઉપાય છે.

**'છતાં રાગ છે તે જ્ઞાનનો કર્તા નથી.'** રાગ છે એ જ્ઞાનને કરતો નથી. આમ અંદરમાં ભેદજ્ઞાન છે, રાગ અને જ્ઞાન સંબંધીનું જે ભેદજ્ઞાન છે એ ભેદજ્ઞાન છે એ મૂળ ચીજ છે. કેવળજ્ઞાનની લબ્ધિ ઉત્પન્ન કરનારી ચીજ છે. પૂર્ણ સ્વરૂપની લબ્ધિ ભેદજ્ઞાનરૂપ મૂળમાં રહેલી છે. આ બહુ પાયાનો વિષય છે.

'સમયસાર'માં આ વિષય જે લીધો છે, આ વિષયમાં 'ગુરુદેવશ્રી'એ અમૃતના સરોવર જોયા છે. 'ગુરુદેવશ્રી'ને જ્યારે પ્રથમ 'સમયસાર' હાથમાં આવ્યું અને આ વિષય જોયો કે અરે..! આ અંદરમાં રાગરૂપ વિકલ્પ એનાથી ભિન્ન જ્ઞાન છે, છૂટું જ્ઞાન છે, છૂટું જ્ઞાન છે એ, ખોદતા ખોદતા જેમ ઓલો ખજાનામાં ચરૂનો કાંઠો દેખાય ત્યાં આખો ખજાનો દેખાણો, એમ એમણે 'સમયસાર'માં એ ભેદજ્ઞાનમાં અમૃતના સરોવર હિલોળા નાખતા જોયા. પહેલું 'સમયસાર' હાથમાં આવ્યું છે ને.

આ વિષય એમનો બહુ ચાર્મિંગ વિષય હતો. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર અને કર્તા-કર્મ અધિકાર એ બે અધિકાર ઉપરના પ્રવચનોમાં તો 'ગુરુદેવ'ને જે રસ હતો એ એમનો જ્યારથી એ 'સમયસાર' પ્રત્યે આર્ષણ થયું એનો મૂળ વિષય જ આ છે. ત્યાંથી લીધું છે.

આમાં એક બીજું છે 'અનુભવપ્રકાશ'માં. અહીંથી લીધું છે. વિવેકનું સ્વરૂપ. ભેદજ્ઞાન છે ને એ વિવેક કરે છે. એટલે હવે વિવેકનું સ્વરૂપ એમ કરીને લે છે. '**હવે વિવેકનું સ્વરૂપ,...**' એમ કરીને લે છે. કે '**પરિણતિશુદ્ધિનું સ્વરૂપ આ પ્રમાણે છે...**' '**સ્વપરભેદજ્ઞાનના નિરંતર અભ્યાસથી...**' આગળ થોડો પેરેગ્રાફ છે એમાં આત્મભાવના એમણે લીધી છે. આત્મભાવના લીધી છે. કેમકે ભેદજ્ઞાન ભાવનાથી થાય છે. ભાવના સિવાય ભેદજ્ઞાન થતું નથી. એટલે એ વાત જરાક આખો મોટો પેરેગ્રાફ છે. પણ મૂળ મુદ્દો લઈએ આપણે જે એને સ્પર્શે છે.

'**સ્વપરભેદજ્ઞાનના નિરંતર અભ્યાસથી શુદ્ધ ચૈતન્યતત્ત્વની લબ્ધિ (પ્રાપ્તિ) થાય.**' આ શબ્દ અહીંયાં વાપર્યો છે. માણસ કહે છે ને કે તપશ્ચર્યા કરે તો લબ્ધિ થાય. લબ્ધિની પ્રાપ્તિ થાય. આ લોકો કરે છે ને? ઉપવાસ કરે, અનેક પ્રકારની તપશ્ચર્યા કરે. લબ્ધિ થાય. અહીંયાં લબ્ધિ શબ્દ લીધો છે. '**સ્વપરભેદજ્ઞાનના નિરંતર અભ્યાસથી શુદ્ધ ચૈતન્યતત્ત્વની લબ્ધિ (પ્રાપ્તિ) થાય.**' આખું ચૈતન્યતત્ત્વ પ્રાપ્ત થાય, કબજામાં આવે. આવડી મોટી લબ્ધિ થાય. કેવળજ્ઞાનની લબ્ધિ કરતાં અનંતગુણ કેવળજ્ઞાનથી જે (સંપન્ન) છે એની લબ્ધિ થાય. આ ભેદજ્ઞાન લબ્ધિનું સાધન છે. સામાન્ય વાત નથી.

કોઈ એમ કહે, આ ચક્રવર્તીનો ખજાનો છે ને? એ અખૂટ છે. ચક્રવર્તી એમાંથી દાન દીધા જ કરે. અક્ષયપાત્ર જેવું છે ત્યાં. ખૂટે જ નહિ. ત્યાં એને કરવેરા નાખીને પાછો તિજોરી ભરવાનો પ્રસંગ નથી. રાજમાં જે કરવેરા નાખીને તિજોરી ભરે છે એ ચક્રવર્તીને નથી હોતું. પ્રજાને પીડીને ત્યાંથી એને નથી લેવું. એને પ્રજાને શાંતિ દેવા, સુખ-શાંતિ દેવા માટે એની પાસે અક્ષયપાત્ર છે. એ દીધા જ કરે ને વાપર્યા જ કરે (તોપણ) ખૂટે નહિ. એવો એનો ખજાનો હોય છે. એવા ખજાનાની કોઈ ચાવી આપી દે કે આ તમારો કબજો. આ ચાવી તમારી. આ ચાવી પણ હીરામણિ રત્ન જડિત એની જ બનેલી છે. અને આ ચાવી તમે સંભાળો. આ ભેદજ્ઞાન એ ચાવી છે.

મુમુક્ષુ :- કાલે 'બહેનશ્રી'એ કીધું હતું ને ભેદવિજ્ઞાન...

પૂજ્ય ભાઈશ્રી :- ભેદજ્ઞાનની જ વાત ચાલે છે. બહુ સારી ચર્ચા ચાલે છે. અમે ગયા હતા 'સોનગઢ'. એ ચર્ચા ચાલી હતી કે ભેદજ્ઞાનથી જ આગળ વધવાનું છે અને ભેદજ્ઞાન જ કામ કરે છે. એ તો ગમે તે વાત આવે તો એ વિષય તો આવ્યા વિના રહેતો જ નથી. ભેદજ્ઞાનની વાત ઘણી સારી ચાલી હતી.

મુમુક્ષુ :- મૂળનો વિષય છે ને.

પૂજ્ય ભાઈશ્રી :- કેમકે અંદરમાં થતાં રાગની સ્પૃહા છૂટે છે. એને રાગના વિષયની સ્પૃહા છોડવી સહજ છે. માણસ શું કહે છે કે ભાઈ પરચીજ છે એ પરચીજનું આકર્ષણ એવું છે કે આકર્ષણ ન હોવું જોઈએ એવો વિચાર કામ નથી લાગતો. આકર્ષણ થઈ આવે છે. હવે ત્યાંથી છૂટવા માટે અહીંયાં શું એક સરસ એનો પ્રોસેસ છે? કે પહેલેથી કાપે છે. આકર્ષણ થનાર જે રાગ છે એ રાગનું જ અહીંયાં ડિસ્કનેક્શન કરવું છે. રાગનો સંબંધ તોડાવવો છે ભેદજ્ઞાનથી જ્ઞાન ને રાગના છૂટાપણાથી. રાગનો વિષય તો પછી નહિવત છે. એ દૂર રહી જાય છે. દૂરથી જ છૂટે છે.

જેમ કોઈ એમ કહે, કોઈ બ્રાહ્મણ છે એ એમ કહે કે મારા રસોઈ ઘરમાં અબ્રાહ્મણને હું નહિ આવવા દઉં. તો પછી ઢેઢ-ચમારને આવવાનો ક્યાં પ્રશ્ન છે? વાણિયા હોય, ખત્રી હોય એને પણ મારા રસોડામાં હું પગ ન મૂકવા દઉં. આ તો મારું શુદ્ધ રસોડું છે. શુદ્ધ આહાર લઉં છું હું. એમાં બ્રાહ્મણ સિવાય કોઈનો પગ ન જોઈએ. તો પછી વાણિયાને ન આવવા દે તો પછી ઢેઢ-ચમારને આવવાનો ક્યાં પ્રશ્ન છે. એમ જ્ઞાન એમ કહે છે કે હું રાગ સાથે સંબંધ ન કરું તો રાગના વિષય સાથે જ્ઞાનને સંબંધ કરવાનો ક્યાં પ્રશ્ન ઊભો થાય

છે? આ એક ભેદજ્ઞાન કરે એને જિતેન્દ્રિયપણું આવવું કેટલું સહજ છે અને કેટલું સહેલું છે. લોકો એમ કહે છે કે એ અઘરું છે, કઠણ છે. (અહીંયા) કહે છે કે સહેલું છે. અને એની આવડત, એની કેળવણી આ જૈનદર્શનના વિજ્ઞાનમાં રહેલી છે. વૈજ્ઞાનિક પદ્ધતિ છે આ. એ બહુ સરસ શબ્દ વાપર્યો છે અહીં. આ જગ્યાએ ભેદવિજ્ઞાન ઉપર ઘણી વાત લીધી છે.

'**શુદ્ધ ચૈતન્યની લબ્ધિ થાય.**' છે એમ લઈ લીધું છે. ભેદજ્ઞાનના નિરંતર અભ્યાસથી. અંદરમાં જો પ્રયોગ કરવામાં આવે તો એને ચૈતન્યની લબ્ધિ થાય છે, '**તેનાથી રાગદ્વેષમોહ મટે, કર્મનો સંવર થાય, ત્યારે કર્મ મટવાથી નિજજ્ઞાનથી નિર્જરા થાય, ત્યારે સકલકર્મક્ષય(રૂપ) નિજ પરિણામ થતાં ભાવમોક્ષ થાય. ત્યારે દ્રવ્યમોક્ષ થાય ને થાય જ. માટે ભેદજ્ઞાનના અભ્યાસથી પરમપદ સિદ્ધ (થાય) છે. તે ભેદજ્ઞાન પ્રગટ કરવાનો વિચાર કહેવામાં આવે છે :–**' એમ કરીને વળી પાછો વિષય ઉપાડે છે. બહુ સારી શૈલી છે. એક ને એક વાત કરે અને વળી એ કેમ થાય એમ કરીને ઉપાડે છે પાછો. બહુ સારો વિષય છે. આ તો 'અનુભવપ્રકાશ' તો એવો નાનો પણ રસિક ગ્રંથ છે અનુભવનો કે સેંકડો વાર વાંચો નહિ તમે.

મુમુક્ષુ :- પાનું?

પૂજ્ય ભાઈશ્રી :- પાનું આ પ્રતમાં છે ૮૩-૮૩. હું તો ઘરે જે પ્રત વાંચું છું એમાં તો ૭૬-૭૭-૭૮ પાના ઉપર આ વિષય હતો. અધિકારનો ખ્યાલ હતો એટલે તરત મળી ગયું. આ છે સમાધિ અધિકાર. નિર્વિકલ્પ સમાધિ છે એનું વર્ણન કરવામાં આવે છે એમ કરીને આ અધિકાર લીધો છે. એમાં ભેદજ્ઞાનનું પ્રકરણ લીધું છે. સમાધિવર્ણન '**હવે કાંઈક સમાધિ વર્ણન કરવામાં આવે છે.**' એ અધિકારનું નામ છે.

શું કહે છે કે '**જ્ઞાનભાવ...**' કેમ ભેદજ્ઞાન કરવું? ભેદજ્ઞાનનો પ્રયોગ કેમ કરવો? એનો ચિતાર છે આની અંદર. '**જ્ઞાનભાવ–જાણવારૂપ ઉપયોગ–**' જ્ઞાનભાવ એટલે જાણવારૂપ ઉપયોગ. '**વિભાવભાવને પોતાના જાણે છે.**' અત્યારે શું (થાય છે)? જાણવારૂપ ઉપયોગ છે તે રાગ હું કરું છું, રાગ મને થાય છે, રાગ મારામાં છે એમ જાણી રહ્યો છે. '**તે વિભાવને જાણવાની શક્તિને આત્મા પોતાની જાણે.**' હવે શું કહ્યું? શક્તિને જાણે. જે 'ગુરુદેવ'ને પોઈન્ટ લેવો છે એ એ જ લેવો છે કે રાગ સંબંધીનું જ્ઞાન રાગથી નથી. જ્ઞેયનું જ્ઞાન જ્ઞેયથી નથી. તારી શક્તિથી તારું જ્ઞાન છે. એ શક્તિને પકડવી જોઈએ.

વિભાવને જાણવાની પણ જે શક્તિ છે, જાણવાની જે શક્તિ છે એને પોતાની શક્તિ જાણે. અને પોતાની શક્તિ જાણીને '**જાણરૂપ (જ્ઞાનરૂપ) પરિણમન કરે.**' જે જ્ઞાન પરિણમી રહ્યું છે એમાં એમ પરિણમન કરે કે હું તો જાણવાની શક્તિવાળો હોવાથી જાણું છું. માત્ર જાણું છું એમ જ્ઞાનરૂપ પરિણમન કરે. રાગ તે હું એમ રાગરૂપ પરિણમન ન કરે એમ કહેવું છે. જાણરૂપ પરિણમન કરે.

'**(જ્ઞાનરૂપ) પરિણમન કરે.**' એટલે કે ત્યારે એ '**જ્ઞાનરસ પીએ,...**' આમ લીધું. આ એની રસિકતા છે. લખનારની આ રસિકતા છે. '**જ્ઞાનરસ પીએ,...**' છે. અહીંયાં એને જ્ઞાનનો રસ ઉત્પન્ન થાય છે. '**જ્ઞાનરસ પીએ, વિભાવોને ન્યારા ન્યારા જાણે,...**' આ ભેદજ્ઞાન છે. વિભાવોને ન્યારા ન્યારા જાણે. '**વિભાવરૂપ કર્મધારા, જ્ઞાનપરિણામરૂપ સુધાધારા...**' જુઓ! અમૃતધારા. ચૈતન્યધારા તે અમૃતધારા. લખવાની બહુ સુંદર પદ્ધતિ છે એમની.

'**વિભાવરૂપ કર્મધારા, જ્ઞાનપરિણામરૂપ સુધાધારા બન્ને ધારાને ન્યારી ન્યારી જાણે,...**' પરિણામધારા છે એ જ્ઞાનધારામાં જ્ઞાનનો પ્રવાહ ચાલે છે, વિભાવધારામાં કર્મનો પ્રવાહ ચાલે છે. જ્ઞાનધારામાં અમૃતરસ ભર્યો છે. વિભાવધારામાં કષાયની કડવાશ ભરી છે. બે સ્વાદ તો જુદા જુદા છે કે નહિ? ભિન્ન ભિન્ન છે. '**ન્યારી ન્યારી જાણે, પુદ્ગલ–અંશ આઠ કર્મ અને શરીર ભિન્ન છે, જડ છે, ચેતન ઉપયોગમય છે, (એમ) એનામાં વિવેચન કરે. જુદો પ્રતીતિભાવ કરે કે શરીર પ્રત્યક્ષ જડ પર રહે છે. સદા**

**(ક્યારેય) તેમાં ચેતનાનો પ્રવેશ ન થાય, ચેતના જડ ન થાય, એ પ્રત્યક્ષ સર્વ ગ્રંથો કહે છે, સર્વજન કહે છે. જિનવાણી વિશેષ કરીને કહે છે.**' એટલી વાત ભેદજ્ઞાનની લીધી. પછી લક્ષ લક્ષણનો પણ વિષય આગળ લીધો છે. ફરીને પાછો એ કેવી રીતે જ્ઞાનનો અભ્યાસ કરવો એ પછી આવશે.

કહે છે કે ભલે જ્ઞેયજ્ઞાયક સંબંધ છે એમ કહેવામાં આવે તો પણ '**રાગ છે તે જ્ઞાનનો કર્તા નથી.**' સંબંધ હોવા છતાં રાગ છે તે જ્ઞાનનો કર્તા નથી. રાગ છે એ રાગમાં પરિણમે છે, જ્ઞાન છે તે જ્ઞાનમાં પરિણમે છે. જ્ઞાનની શક્તિ જ્ઞાનને લઈને પરિણમવાની છે. જાણવું જ્ઞાનશક્તિને લઈને છે. રાગને લઈને કે જ્ઞેયને લઈને બિલકુલ નથી. એમ માત્ર વિચારમાં સમજવું નથી. એમ પોતાના જ્ઞાનને પકડીને સમજવું છે.

આ સમજવાનો પ્રકાર કેમ હોવો જોઈએ? કે પોતાના ચાલતા જ્ઞાનના અનુભવને પકડીને સમજવું જોઈએ. માત્ર વિચારથી અને સાંભળીને સમજવું જોઈએ એ પ્રકાર હોવો જોઈએ નહિ. તો એને એનો પ્રયોગાત્મક અભ્યાસ કહેવામાં આવે છે. નહિતર શું થાય છે? વિચાર કરે અને એને ઠીક લાગે. સમજણનો બીજો વિપર્યાસ ન હોય. જો સમજણનો વિપર્યાસ હોય તો એને એમ થાય કે આમ બરાબર નથી લાગતું. હજી કાંઈ એ વાત બેસતી નથી એમ થાય એને. પણ એટલો વિપર્યાસ ન હોય તો ઠીક છે એમ લાગે. પણ એ ઠીક છે એનું કોઈ બહુ મૂલ્યાંકન કે બહુ એને મહત્વ આપી દેવા જેવું નથી કે ચાલો બેઠું તો ખરું. પહેલા નહોતું બેસતું. એમ નહિ. એ તો એ ઠીક છે પાછું અઠીક થતા વાર નહિ લાગે. જો એ ઠીક લાગ્યું છે એ ઠીકને અંતર મેળવણીમાં, એના અનુભવ અભ્યાસમાં ઉતારવામાં નહિ આવે અને પરિણમનના પ્રયોગ સુધી પહોંચવામાં નહિ આવે તો એ ઠીક લાગ્યું છે એ ગમે ત્યારે અઠીક થઈ જશે. પાછું ફરી જશે. કેમકે એના મૂળ ઊંડા નથી. એવા વિકલ્પના એકત્વમાં રહીને, વિકલ્પમાં જોડાણમાં રહીને, રાગના પક્ષમાં રહીને હજી આત્માની વાત સાચી છે અને સારી છે એમ કહે છે ત્યાં સુધી એણે હજી પક્ષાંતર કર્યું નથી. એમ કહે, વાત તમારી સાચી. પણ હજી પક્ષમાં ઊભો છે, રાગના એકત્વમાં ઊભો છે એટલે એ એને ઠીકપણું જે ઉપર ઉપરથી કર્યું છે એ ફરતા વાર નહિ લાગે. કેમકે એણે હજી પક્ષ ફેરવ્યો નથી. એમ છે.

એટલે એને એ ઠીક લાગ્યું છે એ ઠીક લાગવામાં સંતોષ માનવાને બદલે ત્યાં એને એક નવો અસંતોષ ઊભો થાય, અસંતોષ ઊભો થાય કે આ ઠીક માન્યું તો પછી એ જેવું માન્યું એવો અનુભવ કેમ નથી? હવે શું બાકી રહ્યું? હવે શું અંદર નડે છે તને? એ જો શોધે તો એને ખ્યાલ આવે કે માન્યું છે ઠીક પણ રાગ થતાં જ એકતા થઈ જાય છે. આ તો હજી વિચારમાં આવ્યું છે. પણ રાગ થતાં જ એકતા થઈ જાય છે, રાગ થતાં જ એકતા થઈ જાય છે. આ ઠીક માન્યું છે એ ઠીક ક્યાં રહ્યું આમાં? પરિણમનમાં તો ઠીક રહ્યું નહિ.

માણસ નથી કહેતા? કે તમે વાત અમારી સાચી કહો છો. પણ જ્યાં બરાબર પ્રસંગ આવે છે ત્યારે ત્યાં જઈને ઊભા રહી જાવ છો. તો આ તમે અમારી વાત સાચી ક્યાં રાખી? આમ બને છે કે નહિ? એમ પરિણમન છે એ પ્રસંગ છે. અને પ્રસંગે તો ત્યાં રાગના પડખે ઊભો રહે છે. અને વાત આવે છે તો કહે છે કે ના, ના બરાબર. રાગ જુદો ને જ્ઞાન જુદો, જ્ઞાન જુદું અને રાગ જુદો. વાત ઠીક છે, અમને બેસે છે. પણ તને બેસી નથી, ભાઈ! હસી બેસવાને વાર છે. છેતરાઈ જાઈશ નહિ એટલી વાતમાં. અંદરમાં પ્રયોગના પરિણમનમાં ઉતરવું પડશે. એને પ્રત્યક્ષ અનુભવથી ભિન્ન કરવાના રહેશે અને ત્યારે તે વાત સાચી છે. ત્યાં સુધી એ વાત ખરેખર સાચી છે એમ રહેતું નથી. આમ છે.

મુમુક્ષુ :- જ્ઞેય છે માટે...

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞેય છે એમ ક્યાં નક્કી થયું પણ? જ્ઞેય છે એમ કોઈ ફલાણું જ્ઞેય છે નક્કી ક્યાં થયું? જ્ઞાનમાં નક્કી થયું. જ્ઞાન છે એ, એ જ્ઞાન છે એમ સ્વતંત્ર જોવે ત્યારે જ્ઞેયથી એ ભિન્ન જણાય છે. એકલા જ્ઞાનને જોવે, શુદ્ધ જ્ઞાનને જોવે, શક્તિરૂપ જ્ઞાનને જોવે તો જ્ઞાન ભિન્ન જણાય છે. જ્ઞાન ભિન્ન છે અને રાગ ભિન્ન છે. એક એટલા વચન ઉપર 'સોગાનીજી'

જેવાએ ચોવીસ કલાકમાં સ્વાનુભૂતિ પેદા કરી છે. ચોવીસ કલાકમાં!

'ગુરુદેવ'ના મુમુક્ષુ સમાજમાં એક આ અદ્વીતિય ઈતિહાસ છે કે જેણે 'ગુરુદેવ'ને સાંભળતા ચોવીસ કલાકમાં સ્વાનુભવ કર્યો હોય. એમણે એક અસાધારણ બળ પ્રગટ કર્યું હતું. પરમાર્થની એ વાત કાને જ પડી. પહેલીવહેલી કાને પડી પ્રત્યક્ષ જ્ઞાનીથી અને ચોવીસ કલાકમાં (પ્રાપ્તિ કરી). દિગંબર હતા અને દિગંબરના શાસ્ત્રો બહુ વાંચી ચૂક્યા હતા. 'સમયસાર' આદિ દિગંબરના શાસ્ત્રો વાંચવાની ધૂન જ્યારે એમને લાગી ત્યારે દુકાને શાસ્ત્ર લઈને બેસે. 'અજમેર'માં એમને દુકાન હતી. તો એ શાસ્ત્ર લઈને દુકાને બેઠા હોય. વાંચ્યા જ કરતા હોય. બહાર એક મુંઢા જેવું રાખે ત્યાં ઓટલે બેસે. ગ્રાહક આવે એ અંદર જાય અને માણસ પતાવે ઘરાકને. આમ પહેલેથી થોડો ધૂની સ્વભાવ ખરો. જે કામ પાછળ એની ધૂન હોય એ એમાં ને એમાં જ ચાલે પછી. ધૂનમાં જ ચાલે. ઘરાક આવે એને માણસ પતાવે. એમાં દુકાન નબળી પડી. પછી 'કલકતા' ગયા છે. પણ એમાં કાંઈ ન સમજાણું. દિગંબરનું સાહિત્ય વાંચી ગયા કાંઈ સમજાણું નહિ. પ્રત્યક્ષ જ્ઞાનીનો એક અવાજ પડ્યો, અંદરનો ટોન આવ્યો-પ્રત્યક્ષ ચૈતન્યનો રણકાર આવ્યો વાણીનો કે જ્ઞાન અને રાગ જુદા છે. ચોવીસ કલાકમાં અનુભવ લીધો. ઈતિહાસની અંદર અનોખો દાખલો છે આ. એવો રણકાર હતો.

કાલે 'બહેનશ્રી' ઘણી વાણીની વાત કરતા હતા. કેવી વાણી હતી... કેવી વાણી હતી!

## *પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન.....*

મુમુક્ષુ : સ્થાવરની હિંસા થાય તે અપેક્ષાએ કહે છે.

ઉત્તર : ... ક્યાં હતું આત્મામાં? હિંસા કરી શકે છે કોણ? આહાહા..!

અહીં તો કહે છે, 'સમ્યગ્દષ્ટિ બાહ્ય ચારિત્રને, વેશને, આચરણને મોક્ષમાર્ગ જાણતા નથી. એ જ નિશ્ચય આત્માના અનુભવને મોક્ષમાર્ગ જાણે છે.' કહો, સમજાણું? '**નિજ આત્મામાં જ રહેવું એ જ્ઞાનીનું ઘર છે.**' નીચે છે. આત્માનું ઘર, નિજ આત્મામાં રહેવું એ આત્માનું ઘર છે. રાગમાં રહેવું એ આત્માનું ઘર નથી. બહારનું ઘરતો ક્યાં આવ્યું? આહા..! '**આત્માની શિલા તે જ જ્ઞાનીનું આસન છે.**' બહારની શિલા નહિ. અંદરમાં એનું આસન છે. સમજાણું કાંઈ? '**નિજ આત્મિક તત્ત્વ જ જ્ઞાનીનું વસ્ત્ર છે,...**' પોતાનું જ્ઞાન એ જ પોતાનું વસ્ત્ર છે. કારણ કે ઢંકાઈને એમ ને એમ પડ્યો છે. '**નિજ આત્મિક રસ જ જ્ઞાનીનાં ખાનપાન છે.**' આહાર-પાણી નથી. આ પ્રત્યક્ષ ન્યાં કીધું ખરું ને? આહા..! '**નિજ આત્મિક શય્યા જ જ્ઞાનીની શય્યા છે.**' આત્મિક શય્યા જ જ્ઞાનીની શય્યા છે. આ બહારનું સૂવાનું હતું કે દિ'? આત્મા સૂવે છે કે દિ'? આહાહા..! સમજાણું કાંઈ? એવા ભગવાનઆત્માને જે પ્રત્યક્ષ જાણીને અનુભવતો નથી તે સંસારથી મુક્ત થતો નથી. ગુલાંટ ખાઈને વાત કરે તો આત્માને પ્રત્યક્ષ જાણીને જે વેદે છે એ મુક્ત થાય છે. એ સિવાય બીજી કોઈ મુક્તિની ક્રિયા છે નહિ.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (ઓક્ટોબર-૨૦૧૮)નું શુલ્ક ડૉ. મહેશભાઈ મહેતા તથા ગીતાબહેન મહેતા પરિવાર, મુંબઈ તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**



## પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા
## મંગલ વાણી–સીડી–૧ A

**પ્રશ્ન :–** એમાં મહત્તા અપાઈ રહી છે. મહત્તા આપી અને વિચારી કરીએ તો વિચારથી જે ભાવ છે .. શ્રદ્ધાનો, જે મહત્તા આપે છે. કુટુંબ–પરિવારના સભ્યો પ્રત્યે મમતા હોય. એ ઉદયભાવ.. જે મહત્તા અપાઈ રહી છે એ મહત્તા વિચારથી તૂટતી નથી. તો એનું શું કરવું?

**ઉત્તર :–** ઉદયભાવ છે પણ અંદર જો આત્માની લગની લાગે તો વિચાર કરે .. જો આત્મા તરફની લગની લાગે ને તો એ તૂટે. વાસ્તવિક તો ક્યારે તૂટે કે જ્ઞાયકને ઓળખે ત્યારે તૂટે છે. એને એનાથી જુદો પડે કે હું તો જ્ઞાયક છું. આ મારું સ્વરૂપ નથી. વાસ્તવિક તો ત્યારે તૂટે છે. પણ ત્યાર પહેલા પણ એ ઉદયભાવ ભલે રહ્યો પણ પોતે જો વિચાર કરે, પુરુષાર્થ કરે. માત્ર વિચાર એકલા કરે અને સાથે પોતાને એનો રસ તૂટી જાય તો એ મંદ પડી જાય છે. એ સંસાર સંબંધીના વિચારો હોય એનો રસ તૂટી જાય તો એ વિચારો મંદ પડી જાય છે, એનો રસ તૂટી જાય છે કે આ તો બધું સારરૂપ નથી. સારરૂપ તો મારો આત્મા જ છે. આ તો બધું નિઃસાર છે. એવી જાતનો અંદરથી જો એને નિશ્ચય આવે અને એ જાતનો રસ તૂટી જાય. મહિમાવંત તો મારો આત્મા જ છે. આ તો બધું કાંઈ સારભૂત નથી. એવી જાતનો જો અંદર નિશ્ચય આવે અને એવી જાતની અંદરથી નિરસતા લાગે તો એ તૂટે. એકલો વિચારમાત્ર વિચાર કર્યા કરે અને નિરસતા ન લાગે તો એમ ન તૂટે. અંદરથી ખરેખર આ મારું સ્વરૂપ નથી, આ સારભૂત નથી. આ મારો આત્મા શાશ્વત છે. આ કાંઈ મહિમાવંત નથી. આ તો બધું માત્ર કલ્પનામાત્રથી માનેલું છે. એવી જાતનો અંદરથી વૈરાગ્ય આવવો જોઈએ, એ જાતની લગની લાગવી જોઈએ વિચારની સાથે સાથે, તો તૂટે.

ઉદયભાવમાં પોતે જોડાય રહે પણ અંદરથી એનો રસ તૂટી જવો જોઈએ. તો છૂટે. રસ તૂટે તો અશુભમાંથી શુભમાં આવે. પણ એ શુભમાં શુભ પણ મારું સ્વરૂપ નથી. એનાથી પણ હું જુદો છું. એમ યથાર્થ નિશ્ચયથી યથાર્થ વસ્તુને જાણે કે સાચું તો આ જ છે. આ બધું ખોટું જ છે. તો ખોટામાં ઊભું રહેવું એ એને અંતરથી જો લગની લાગે તો તૂટે. લગની વગર તૂટે નહિ. આત્માની મહિમા આવ્યા વગર એ તૂટે નહિ.

બહારના રાગ બધા એવા હોય છે કે ચૈતન્ય તરફનો જો અંદર પ્રેમ જાગે તો બહારનો પ્રેમ અંદરથી તૂટી જાય. એક મારો આત્મા સર્વસ્વ છે. તે જ જાણવા લાયક છે, તે જ જોવા લાયક છે, તે જ વિચારવા લાયક છે. એનું જ ભજન કરવાયોગ્ય છે. આ બધું નકામું છે. અને બહારમાં ભગવાન જિનેન્દ્રદેવ જેણે વસ્તુ સ્વરૂપ બતાવ્યું તે જ હૃદયમાં રાખવા યોગ્ય છે, ગુરુ હૃદયમાં રાખવા યોગ્ય છે. શાસ્ત્રનું ચિંતવન કરવા યોગ્ય છે. આ બધું કાંઈ એના પ્રત્યે દૃષ્ટિ મૂકવા જેવી નથી. એને લક્ષમાં લેવા જેવું નથી. એના ઉપર રાગ કરવા જેવો નથી. એવો અંદરથી જો સાચો નિર્ણય આવે અને સાચા વિચાર અને સાચી લગની લાગે અને સાચો વૈરાગ્ય આવે તો તૂટે. બાકી જીવે વૈરાગ્ય લાવીને ઘણીવાર તોડ્યું છે. પણ યથાર્થ તો ક્યારે તૂટે? કે આત્માને લક્ષમાં લે અને જ્ઞાયકને ઓળખે તો વાસ્તવિક તૂટે. નહિતર આમ વિચારથી, વૈરાગ્યથી તૂટે છે. એનો રસ તૂટી જાય છે. ઉદયભાવ પોતાને કહેતો નથી કે તું પરાણે આમાં જોડાઈ જા. પોતે જ જોડાય છે. એ બહારનું કોઈ કહેતું નથી કે તું મને જો, તું મને સાંભળ કે તું મારા વિચાર કર. એમ કોઈ કહેતું નથી. પોતે પોતાના રાગથી જોડાય છે. એનો રાગ નિરસતા લાગે તો તૂટે.




**૧૭૧**

**મુંબઈ, કારતક સુદ ૧૪, બુધ, ૧૯૪૭**

**સુજ્ઞ ભાઈ શ્રી અંબાલાલ ઈ., ખંભાત.**

શ્રી મુનિનું આ સાથે પત્ર બીડ્યું છે. તે તેમને સંપ્રાપ્ત કરશો.

નિરંતર એક જ શ્રેણી વર્તે છે. હરિકૃપા પૂર્ણ છે.

ત્રિભોવને વર્ણવેલી એક પત્રની દશા સ્મરણમાં છે. ફરી ફરી એનો ઉત્તર મુનિના પત્રમાં જણાવ્યો છે તે જ આવે છે. પત્ર લખવાનો ઉદ્દેશ મારા પ્રત્યે ભાવ કરાવવા માટેનો છે, એમ જે દિવસ જણાય તે દિવસથી માર્ગનો ક્રમ વિસર્યા એમ સમજી લેજો. આ એક ભવિષ્ય કાળે સ્મરણ કરવાનું કથન છે.

**સત્ શ્રદ્ધા પામીને**
**જે કોઈ તમને ધર્મ નિમિત્તે ઈચ્છે**
**તેનો સંગ રાખો.**

**વિ. રાયચંદના પ્ર.**

**૧૭૨**

**મોહમયી, કાર્તિક સુદિ ૧૪, બુધ, ૧૯૪૭**

**સત્‌જિજ્ઞાસુ–માર્ગાનુસારી મતિ. ખંભાત.**

ગઈ કાલે પરમભક્તિને સૂચવનારું આપનું પત્ર મલ્યું. આહ્લાદની વિશેષતા થઈ.

અનંત કાળથી પોતાને પોતા વિષેની જ ભ્રાંતિ થઈ ગઈ છે; આ એક અવાચ્ય, અદ્‌ભુત વિચારણાનું સ્થળ છે. જ્યાં મતિની ગતિ નથી, ત્યાં વચનની ગતિ ક્યાંથી હોય?

નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવો; સત્પુરુષની ભક્તિ પ્રત્યે લીન થવું; સત્પુરુષોનાં ચારિત્રોનું સ્મરણ કરવું; સત્પુરુષોનાં લક્ષણનું ચિંતન કરવું; સત્પુરુષોની મુખાકૃતિનું હૃદયથી અવલોકન કરવું, તેનાં મન, વચન, કાયાની પ્રત્યેક ચેષ્ટાનાં અદ્‌ભુત રહસ્યો ફરી ફરી નિદિધ્યાસન કરવાં; તેઓએ સમ્મત કરેલું સર્વ સમ્મત કરવું.

આ જ્ઞાનીઓએ હૃદયમાં રાખેલું, નિર્વાણને અર્થે માન્ય રાખવા યોગ્ય, શ્રદ્ધવા યોગ્ય, ફરી ફરી ચિંતવવા યોગ્ય, ક્ષણે ક્ષણે, સમયે સમયે તેમાં લીન થવા યોગ્ય, પરમ રહસ્ય છે. અને એ જ સર્વ શાસ્ત્રનો, સર્વ સંતના હૃદયનો, ઈશ્વરના ઘરનો મર્મ પામવાનો મહા માર્ગ છે. અને એ સઘળાનું કારણ કોઈ વિદ્યમાન સત્પુરુષની પ્રાપ્તિ, અને તે પ્રત્યે અવિચળ શ્રદ્ધા એ છે.

અધિક શું લખવું? આજે, ગમે તો કાલે, ગમે તો લાખ વર્ષે અને ગમે તો તેથી મોડે અથવા વહેલે, એ જ સૂઝ્યે, એ જ પ્રાપ્ત થયે છૂટકો છે. સર્વ પ્રદેશે મને તો એ જ સમ્મત છે.

પ્રસંગોપાત્તર પત્ર લખવાનો લક્ષ રાખીશ. આપના પ્રસંગીઓમાં જ્ઞાનવાર્તા કરતા રહેશો. અને તેમના પરિણામને લાભ થાય એમ મળતા રહેશો.

અંબાલાલથી આ પત્ર અધિક સમજવાનું બની શકશે. આપ તેની વિદ્યમાનતાએ પત્રનું અવલોકન કરશો. અને તેના તેમ જ ત્રિભોવન વગેરેના ઉપયોગ માટે જોઈએ તો પત્રની પ્રતિ કરવા આપશો.

મતિ એ જ – એ જ વિજ્ઞાપન.

**સર્વકાળ એ જ કહેવા માટે જીવવા ઈચ્છનાર**
**રાયચંદના વંદના.**